5-6-95



* અરે પ્રભુ! ક્યાંનો તું? અને ક્યાંનું આ પિંજર? અને ક્યાંના આ રાગ-દ્વેષ? તારે અને એને ખરેખર કાંઈ સંબંધ નથી.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૪
સં. ૨૦૫૦ (૬૦૪) * આત્મધર્મ * (અંક-૮
વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦
ફેબ્રુઆરી, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* દયારહિત યમરાજ જો મરણસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હૈ. ઇસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઇસલિયે તૂ ઇસ સુખકી ઇચ્છા ન કર. જો મર ગયા—નષ્ટ હો ગયા ઉસકા શોચ કરને પર લૌટકર નહીં આતા હૈ ઇસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બેમતલબ કામ કિસલિયે કરેંગે? ૩૭૨. (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૭૩)

* ઘણો લાંબો સમય અતિચાર રહિત જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે પ્રવૃત્તિ કરીને પણ કોઈ પુરુષ મરણ સમયે ચાર આરાધનાનો વિનાશ કરીને અનંત સંસારી થતાં ભગવાને જોયેલ છે માટે મરણ સમયે જેમ આરાધના બગડે નહિ તેમ યત્ન કરો. ૩૭૩.

(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૫)

* (સંસારસે વૈરાગ્ય હોને પર ચક્રવર્તી સોચતા હૈ કિ) યહ ચક્રવર્તીકા સામ્રાજ્ય કુમ્હારકી જીવનીકે સમાન હૈ ક્યોંકિ જિસ પ્રકાર કુમ્હાર અપના ચક્ર (ચાક) ઘુમાકર મિટ્ટીસે બને હુએ ઘડે આદિ વર્તનોંસે અપની આજીવિકા ચલાતા હૈ, ઉસી પ્રકાર ચક્રવર્તી ભી અપના ચાક (ચક્રરત્ન) ઘુમાકર મિટ્ટીસે ઉત્પન્ન હુએ રત્ન યા કર આદિસે અપની આજીવિકા ચલાતા હૈ—ભોગોપભોગકી સામગ્રી જુટાતા હૈ ઇસલિયે ઇસ ચક્રવર્તીકે સામ્રાજ્ય કો ધિક્કાર હૈ. ૩૭૪.

(શ્રી જિનસેન આચાર્ય, આદિ પુરાણ, ભાગ-૨, શ્લોક-૨૩૫)

* અરેરે! સંસારમાં ભમતાં જીવને નથી તો સંત દેખાતા કે નથી તત્ત્વ દેખાતું: અને પરની રક્ષાનો ભાર ખભે લઈને ફરે છે! ઇંદ્રિયો અને મનરૂપી ફોજને સાથે લઈને પરની રક્ષા માટે ભમ્યા કરે છે! ૩૭૫.

(મુનિરાજ રામસિંહ. પાહુડ દોહા, ગાથા-૧૯૧)

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૦
અંક-૮
[ ૬૦૪ ]




વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
FEB.
A. D. 1994

# આત્મધર્મ

**શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર**

## ભગવાન કહે છે કે તું સાક્ષાત પરમાત્મા છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૭ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૬૬મી ગાથા છે તેમાં શ્રી યોગીન્દ્રદેવ જિનવચનની આરાધના વગર જીવે કેટલું ભ્રમણ કર્યું તે બતાવતાં કહે છે કે—

આ જગતમાં એવો કોઈ પ્રદેશ નથી કે જે જગ્યાએ જિનવચનની પ્રતીતિને નહિ પ્રાપ્ત થયેલો આ આત્મા ભટક્યો ન હોય. અર્થાત્ નિશ્ચય-વ્યવહારરત્નત્રયના કહેવાવાળા જિનવચનને નહિ પ્રાપ્ત થવાથી જીવે ચોરાશીલાખ યોનિઓમાં ભ્રમણ કર્યું છે—જન્મ-મરણ કર્યાં છે.

ભગવાનનું વચન કેવું છે ?—નિશ્ચયરત્નત્રય અર્થાત્ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતારૂપ અભેદ રત્નત્રય અને તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો, પંચ મહાવ્રત અને શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ તે વ્યવહારરત્નત્રય છે. તે બંનેનું પ્રમાણજ્ઞાન કરાવે એવું ભગવાનનું વચન છે.

આત્મા, એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્યસ્વભાવે પરમાત્મા છે તેની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે, તે નિશ્ચયરત્નત્રય છે અને તેની સાથે નવતત્ત્વની શ્રદ્ધારૂપ, છ દ્રવ્યની શ્રદ્ધારૂપ, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધારૂપ વ્યવહાર સમ્યક્ત્વ તથા શાસ્ત્રના જ્ઞાનરૂપ વ્યવહાર સમ્યગ્જ્ઞાન અને નિશ્ચયના ચારિત્ર

સહિતનું પંચમહાવ્રતાદિના વિકલ્પરૂપ વ્યવહારચારિત્ર હોય છે એમ ભગવાનની વાણીમાં નિશ્ચય-વ્યવહાર-મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ આવે છે. અન્ય કોઈની વાણીમાં આવું વચન ન આવે. આ જીવે ભગવાનની વાણી તો સાંભળી પણ તેની પ્રતીતિ કરીને એવા નિશ્ચય-વ્યવહારરૂપ ભાવને ગ્રહણ કર્યો નથી તેથી ચોરાશીલાખ યોનિમાં રખડયો છે.

જીવને ઉપજવાની જગતમાં ચોરાશીલાખ યોનિ છે. અનાદિથી જીવ આ યોનિઓમાં ભમી રહ્યો છે તેમાં કોઈ સ્થાન એવું નથી કે જ્યાં આ જીવ ન ગયો હોય. સિદ્ધભગવાન રહે છે ત્યાં પણ નિગોદપણે આ જીવ અનંતવાર જન્મી આવ્યો છે.

ભગવાન આત્મા પરમાનંદસ્વરૂપ છે, તેના આનંદની પ્રાપ્તિ તે ખરેખર અભેદ રત્નત્રય છે એવા ભાવને કહેનારા જિનવચનમાં ઘણાં સિદ્ધાંતો આવી જાય છે. જેમ કે દુઃખની પર્યાય પહેલાં હતી, દ્રવ્ય સુખરૂપ છે, પર્યાયમાં સુખની પ્રાપ્તિ થઈ શકે છે, સુખ પ્રાપ્ત થતાં દુઃખની પર્યાય નાશ પામે છે. દુઃખની પર્યાય છે ત્યારે સામે નિમિત્તરૂપ કર્મની પર્યાય પણ છે વગેરે ઘણી વાત ટૂંકામાં આવી જાય છે.

સમયસારમાં કુંદકુંદ આચાર્યે આ વાત એ રીતે કહી કે સર્વજ્ઞ પરમાત્માથી માંડીને અમારા ગુરુપર્યંત બધાએ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે એટલે કે, આત્મા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે તે આનંદમય છે તેનો ઉપદેશ આપ્યો છે તેની પ્રતીતિ અને જ્ઞાન કરતાં અમને સ્વસંવેદનમાં જ્ઞાન અને આનંદનો વૈભવ પ્રગટ થયો છે તે વડે અમે સમયસાર કહીશું.

અહીં કહે છે કે આત્માની દશામાં દુઃખ છે તેનો નાશ કરે એવા ભાવ ભગવાનની વાણીમાં રહેલાં છે. સત્ ચિદાનંદ આત્મા એકલા અતીન્દ્રિય આનંદનો જ રસકંદ છે. એવા અતીન્દ્રિય આનંદને પર્યાયમાં પ્રાપ્ત કરાવે અને સર્વ દુઃખને મટાડે એવા જિનના વચનો છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે અભેદ રત્નત્રય છે. સમ્યગ્દર્શન સુખરૂપ છે, જ્ઞાન સુખરૂપ છે અને ચારિત્ર સુખરૂપ છે. આ અભેદરત્નત્રયની સાથે ભેદરત્નત્રય એટલે વ્યવહારરત્નત્રય પણ હોય છે. ભગવાનની વાણી આ બંને પ્રકારના રત્નત્રયને કહેનારી છે એમ જ્ઞાન કરાવીને છેલ્લે સરવાળામાં એમ કહે છે કે વીતરાગની વાણી પરમ આનંદને પ્રાપ્ત કરાવનારી છે—પરમાનંદની પ્રાપ્તિમાં નિમિત્ત થનારી છે.

આગળ ૬૪મી ગાથામાં જ્ઞાન-દર્શનની વાત આવી હતી કે આત્મા માત્ર જાણે છે અને દેખે છે. અહીં આ ગાથામાં આનંદની વાત લીધી અને હવે વીર્યની વાત કરશે, આમ ચાર ચતુષ્ટય લઈ લીધા છે.

ભગવાન આત્મા વીતરાગ, નિર્દોષ આનંદકંદ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમાત્માએ વસ્તુ-સ્વરૂપ પ્રત્યક્ષ જોયું, જાણ્યું અને અનુભવ્યું છે—એવા એ ભગવાનની વાણી સમોસરણમાં સો ઇન્દ્રોની સમક્ષમાં ખરી છે. એ જિનવચનમાં એમ આવ્યું છે કે ભાઈ ! તું પરમાનંદની મૂર્તિ છો તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કર તો તને આનંદ પ્રગટ થશે. એ જ ધર્મ છે.

ભગવાનની વાણીમાં તો આમ આવે છે પણ જીવે અનંતકાળમાં કદી એ ભાવને પ્રાપ્ત કર્યો નથી તેથી ચોરાશી લાખ યોનિમાં કોઈ યોનિમાં જન્મ-મરણ એણે બાકી રાખ્યા નથી. ભગવાનની વાણીના ભાવને ગ્રહણ કર્યા વિના—સમજ્યા વિના જીવે ચોરાશીલાખ યોનિમાં જ ભ્રમણ કર્યું છે.

શક્તિએ તો આત્મા મુક્તસ્વરૂપ જ છે. આત્માનું સત્ત્વ—તત્ત્વ તો પૂર્ણ આનંદ અને વીતરાગસ્વભાવવાળું જ છે. વીતરાગ એટલે રાગથી રહિત જૈન એ કોઈ સંપ્રદાય નથી. જૈન એટલે વસ્તુનું સ્વરૂપ. જૈનપરમેશ્વરે કહેલો માર્ગ તે આત્માનો માર્ગ છે. રાગ-દ્વેષાદિ કષાય વિનાનો પરમાનંદરૂપ જીવનો ભાવ તે વીતરાગભાવરૂપ આત્મા છે. આવા વીતરાગભાવે પરિણમેલા ભગવાનની વાણીમાં એમ આવ્યું છે કે, તારા વીતરાગ નિર્દોષ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને તેની શાંતિનું વેદન કર !

જુઓ ! આ વીતરાગની વાણી અને વીતરાગની આજ્ઞા છે.

વીતરાગની વાણી વીતરાગતાનું સ્વરૂપ કહે છે તેને સાંભળવા તો આ જીવ ઘણીવાર ગયો હતો પણ સમજ્યો ન હતો. મહાવિદેહમાં અત્યારે સાક્ષાત્ સીમંધર ભગવાન અરિહંતપદે બિરાજી રહ્યા છે તેમનું સમવસરણ એટલે જેમાં સો ઇન્દ્રો અને ત્યાં રહેનારા ઘણાં જીવો વાણી સાંભળવા જાય છે એમ દરેક જીવોએ ભગવાનની વાણી સાંભળી છે પણ તેનો ભાવ સમજી શક્યો નથી. મને રાગથી લાભ થાય છે, અથવા નિમિત્તથી લાભ થાય છે એવી ઉલટી માન્યતા રાખીને જિનવાણી સાંભળી છે.

દરેક જીવનું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગસ્વરૂપ જ છે તે સ્વરૂપને જાણવાનું અને અનુભવવાનું તથા તેની શ્રદ્ધામાં સ્થિર થવાનું ભગવાનની વાણીમાં ફરમાન છે. પણ એ ભાવને જીવ કદી સમજ્યો નથી.

મુમુક્ષુ:—અત્યારે અમારું સમજવાનું ઉપાદાન તૈયાર થઈ ગયું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—ઉપાદાન તૈયાર જ છે. હંમેશા તૈયાર જ છે. 'સબ અવસર આ ચુકા હૈ !' તારી નજરની આળસે ભગવાન દેખાયો નથી.

વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે અને તેના અવલંબને જે શાંતિ પ્રગટે છે તે

વીતરાગભાવ છે એમ વીતરાગભાવ બે પ્રકારે છે. આત્મા અતીન્દ્રિય આનંદનું મૂળ સત્વ છે તેમાંથી વીતરાગતા, આનંદ, શાંતિ આદિ પ્રગટ કર! એમ જિનનું વચન છે. તેને અનંતકાળમાં કયારેય સમજ્યો નથી. તેથી ચોરાશી લાખ યોનિમાં અવતાર ધારણ કર્યો છે. એક પણ અવતાર એવો નથી કે, જ્યાં આ જીવ જન્મ્યો અને મર્યો ન હોય. દરેક જગ્યાએ અને દરેક યોનિમાં અનંતવાર જન્મ-મરણ કર્યા છે, કોઈ સ્થાન એણે બાકી રાખ્યું નથી.

વીતરાગની વાણીમાં ચાર અનુયોગ આવે છે તે દરેકનો સાર આ છે કે, તું વીતરાગતા પ્રગટ કર! તારું સ્વરૂપ વીતરાગ સ્વરૂપ છે તેની સન્મુખ થઈને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર પ્રગટ કર! એ તાત્પર્ય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ વીતરાગતાનું જ રૂપ છે, આનંદરૂપ છે—સમ્યક્ ચારિત્ર અતીન્દ્રિય આનંદરૂપ છે. ભગવાને ભલે ચાર અનુયોગ કહ્યા પણ તે બધાંનું તાત્પર્ય આ વીતરાગભાવરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરવાનું જ છે.

વીતરાગભગવાનના આ તાત્પર્યને નહિ પામીને આ જીવ ચાર ગતિ-ચોરાશી લાખ યોનિમાં-નરકમાં, નિગોદમાં, રંકમાં, કાગડામાં, કૂતરામાં, કંથવામાં, કુંજરમાં અનંત અનંત ભવ કરી રહ્યો છે. દરેક ભવ એકવાર નહિ અનંત અનંતવાર એ ભવો કર્યા છે કેમ કે આત્મા તો અનાદિનો છે, અનાદિકાળથી ભમી જ રહ્યો છે. વીતરાગભાવ થાય તો જ મુક્તિ થાય તેમ છે.

અનંતકાળ વીત્યો તેમાં એક ક્ષણ એને સ્વભાવની મહિમા આવી નથી. મને પરથી અને રાગથી લાભ થાય છે એવા શલ્યમાં રહી ગયો છે તેથી નિમિત્તની અને રાગની મહિમા કદી છૂટી નથી.

ભગવાનની વાણીમાં તો બધી વાત સ્પષ્ટ આવે છે પણ જીવની શ્રદ્ધામાં બેસવી જોઈએ ને! શ્રદ્ધામાં બેસવું તે પોતાને આધીન છે, પરના આધારે શ્રદ્ધા થતી નથી. ભગવાન કોઈની શ્રદ્ધાને બદલી દેતાં નથી. જીવ પોતે ભગવાનની વાણીના તાત્પર્યને સમજે તો શ્રદ્ધા યથાર્થ થાય છે માટે ભગવાનની વાણીનું સેવન કરવું એટલે કે આત્માનું સેવન કરવું.

બહુ ટૂંકામાં માર્ગની, માર્ગના ધ્યેયની અને વિરૂદ્ધમાર્ગની વાત કહી દીધી છે. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તે માર્ગ છે. આત્મા પરમાત્મા થાય એ માર્ગનું ધ્યેય છે. માર્ગના ફળમાં મુક્તિ છે અને માર્ગથી વિરૂદ્ધ ચાલવાના ફળમાં ચાર ગતિમાં ભ્રમણ થાય છે. નિજ વસ્તુને એણે કયારેય દૃષ્ટિમાં લીધી જ નથી,

દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ અનંતવાર કરી ચૂકયો તેનાથી શુભકર્મ બંધાયા પણ જન્મ-મરણનો અંત આવ્યો નથી.

આ ગાથામાં જિનવાણીનું તાત્પર્ય કહ્યું. હવે આત્મા વસ્તુ કેવી છે કે જેના લક્ષે-આશ્રયે જ વીતરાગભાવ પ્રગટે અને તે મુક્તિનું કારણ થાય અને તેનાથી વિરુદ્ધભાવના આશ્રયે સંસાર ફળે છે એવી આત્મવસ્તુ કેવી છે તે ૬૬ મી ગાથામાં કહે છે.

હે જીવ! આ આત્મા પંગુ સમાન છે તે ન કયાંય જાય છે કે ન આવે છે. કર્મ જ જીવને ત્રણ લોકમાં આમથી તેમ ભમાવે છે.

શુદ્ધ નિશ્ચયનયથી આ આત્મા અનંતવીર્યનો ધારણ કરવાવાળો હોવાથી શુભાશુભ કર્મબંધનથી રહિત છે. કર્મ બાંધવાની અને પરિભ્રમણ કરવાની તેનામાં શક્તિ નથી. વસ્તુ તો અખંડાનંદ ચૈતન્યકંદ છે એ તો અનંતવીર્યનો (અનંતબળનો) ધણી છે. આ દ્રવ્યસ્વભાવની વાત છે, પર્યાયની વાત નથી. આગળ અનંતજ્ઞાન અને અનંત આનંદની વાત આવી ગઈ. અહીં કહે છે આત્મા અનંતવીર્યવાન છે. તેમાં શુભ-અશુભકર્મોનું બંધન નથી. વસ્તુમાં બંધન કેવું! વસ્તુમાં બંધન હોઈ જ ન શકે. આત્મા વસ્તુ બંધન અને મુક્તિથી રહિત છે.

એક સમયની પર્યાયમાં બંધન અને મુક્તિ છે. નિજ વસ્તુ—એકરૂપ નિજ પરમાત્મવસ્તુની ભાવના એટલે સ્વભાવસન્મુખની વીતરાગીપર્યાય—શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની પર્યાય તે સંવર અને નિર્જરા તત્ત્વ છે. તેનાથી વિરુદ્ધ પુણ્ય-પાપ ભાવરૂપ આસ્રવ અને બંધ તત્ત્વ છે. તે શુભ-અશુભ ભાવો વડે કર્મોનું બંધન થાય છે. આમ, અહીં સાતેય તત્ત્વ સિદ્ધ થાય છે. નિજ શુદ્ધાત્મા તે જીવ છે, તેની ભાવનારૂપ પરિણતિ-નિર્મળ વીતરાગી પર્યાય તે સંવર, નિર્જરા અને મોક્ષ છે પણ વર્તમાનમાં અજ્ઞાની જીવને સ્વભાવ સન્મુખની ભાવના નહિ હોવાથી પર્યાયમાં નિર્મળતા નથી. તો શું છે! કે—મન, વચન, કાયાના લક્ષે શુભ-અશુભભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે તેના વડે જીવને કર્મોનું બંધન થાય છે અને અનેક શરીરો ધારણ કરે છે તે અજીવતત્ત્વ છે.

વીતરાગનું આ તત્ત્વ સમજવું એ કાંઈ સાધારણ વાત નથી. સામાયિક, પૂજા, ભક્તિ કરી લેવાથી આ તત્ત્વ સમજાય જાય તેમ નથી. વીતરાગે કહેલાં નવતત્ત્વો જીવે કદી યથાર્થપણે જાણ્યા જ નથી.

નિજ શુદ્ધાત્માની સન્મુખની ભાવના નથી તેથી વિમુખ ભાવનાથી પુણ્ય-પાપભાવ થાય છે તેના વડે જીવ કર્મોના બંધનથી બંધાઈને પંગુ થઈ ગયો છે.

વસ્તુ પોતે તો જેમ છે તેમ છે અને જ્યાં છે ત્યાં છે તેમાં તો કાંઈ ફેરફાર નથી પણ પર્યાયમાં મન, વચન, કાયાના નિમિત્તે પુણ્ય-પાપ ભાવ થાય છે. તેનાથી કર્મ બંધાય છે અને કર્મના ફળમાં ચાર ગતિ-ચોરાશી લાખ યોનિમાં જીવને ફરવું પડે છે.

જ્ઞાતા-દ્રષ્ટાનો પિંડ, આનંદનો પિંડ, વીર્યનો પિંડ એવો ચૈતન્ય વસ્તુ પોતે તો એવો ને એવો જ છે પણ એક સમયની પર્યાયમાં ઊભા કરેલા અજ્ઞાન વડે કર્મબંધન થયું છે અને તેનાથી અનંત અવતાર થયા છે. દ્રવ્ય તો જેમ છે તેમ છે. તો શું કર્મ જ તેને રખડાવે છે?—ના. કર્મ રખડાવતાં નથી પણ અજ્ઞાનથી પર્યાયમાં જે ભાવકર્મ થાય છે તેના કારણે રખડવું પડે છે. વસ્તુમાં તો ભાવકર્મ પણ નથી અને દ્રવ્યકર્મ પણ નથી. વસ્તુ તો આનંદકંદમૂર્તિ છે.-અનંત ચતુષ્ટયથી યુક્ત છે એ ચતુષ્ટય એટલે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય તો જેમ છે તેમ છે તેને કર્મ કાંઈ નુકશાન કરી શકતું નથી. પર્યાયમાં ભાવકર્મ થાય છે તેનાથી દ્રવ્યકર્મ બંધાય છે અને તેનાથી ચાર ગતિમાં ભ્રમણ કરવું પડે છે.

ઈશ્વરને કર્તા માનીએ તો આ બધી ઉપાધિ મટી જાય...એમ નથી ભાઈ! તારો ઈશ્વર તું છો. તને સુખી-દુ:ખી કરનારો બીજો કોઈ ઈશ્વર તારા ઉપર નથી. ત્રણકાળ ત્રણલોકમાં જગતનો કર્તા કોઈ ઈશ્વર છે નહિ. ઈશ્વર એટલે અનંત શક્તિનું સત્ત્વ તે પોતે જ છે. આ ઈશ્વર તત્ત્વ-નિજ આત્મદ્રવ્ય ક્યાંય ઉપજતું કે મરતું કે રખડતું નથી.

ભાઈ! તે તારા નિજ ઈશ્વરને ન જાણ્યા. ઈશ્વરના અજ્ઞાનમાં રાગની અધિકતા માની, વિકાર કરીને કર્મ બાંધ્યા છે. એ વિકાર પર્યાયમાં છે, દ્રવ્યમાં વિકાર નથી. પર્યાય તે વ્યવહારનયનો આત્મા છે. નિશ્ચયનયનો આત્મા દ્રવ્ય છે તેમાં વિકાર નથી. પર્યાયમાં વિકાર છે તે ટળીને પર્યાયમાં નિર્વિકારપણું પ્રગટ થાય છે તે બધું અભૂતાર્થ છે. ભૂતાર્થ-ત્રિકાળ વસ્તુ તો જેમ છે તેમ જ છે.

વ્યવહારનયથી પર્યાયમાં વિકાર તો હતો જ. તેથી જ વ્યવહારથી કર્મોનું બંધન બરાબર હતું, અર્થાત્ નિમિત્તથી કર્મબંધનથી જીવ બંધાયો છે તેથી પંગુની જેમ જીવ ચાર ગતિમાં ગમન-આગમન કરે છે.

વસ્તુ પોતે એકરૂપ ચિદ્દઘન પરમાત્મસ્વરૂપ છે તેને ઓળખ્યા વિના, તેને માન્યા વિના હે જીવ! તે એક અંશમાં પૂર્ણતા માની લીધી છે. જીવતત્ત્વને ન માન્યું અને પુણ્ય-પાપતત્ત્વને જ જીવતત્ત્વ માની લીધું છે. તેથી પુણ્ય-પાપ ભાવ થાય છે અને કર્મ બંધાય છે તેના ફળમાં પુણ્ય-પાપની ગતિઓમાં રખડવું થાય છે. વ્યવહાથી ભૂલ

થાય છે અને ભૂલના ફળમાં રખડવું થાય છે પણ નિશ્ચયથી વસ્તુ તો જેમ છે તેમ જ છે.

જેમ જેલમાં રહેલો અપરાધી પોતાની જાતે ક્યાંય જઈ કે આવી શકતો નથી, ચોકીદારો લઈ જાય ત્યાં જાય છે અને આવે છે. તેમ આત્મા પોતે તો પંગુ સમાન છે. વ્યવહારથી થયેલી પોતાની ભૂલને વ્યવહારથી ભોગવે છે. વસ્તુ તો વસ્તુપણે ત્રિકાળ એકરૂપ જેવી છે તેવી જ છે.

બાપુ! આ તો પરમ સત્યનો પંથ છે, કલ્પિત વાત નથી. ભગવાન સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોક જેમ જોયા, તેમ છે અને જેમ છે તેમ જોયા છે અને તેમ જ કહ્યા છે. ત્રણકાળ ત્રણલોક જેમ છે તેમ ભગવાને જોયા અને એમ જ વાણીમાં કહ્યાં છે–આ વીતરાગનો માર્ગ છે. ભગવાન કહે છે તારો આત્મા પરમાત્મા છે. તારી વસ્તુમાં કાંઈ અશુદ્ધતા આવી નથી. વસ્તુ કદી પરિભ્રમણ કરતી નથી. વસ્તુનો કદી અભાવ થતો નથી.

વસ્તુની મહિમા બતાવવા આ વાત કરી છે. કર્મે રખડાવ્યા છે એમ કહ્યું એટલે કે પર્યાયમાં તારી ભૂલ થઈ છે તેથી પર્યાયદૃષ્ટિએ તું રખડયો છે. દ્રવ્યની ભૂલ નથી અને દ્રવ્ય રખડતું નથી. એક સમયની અવસ્થાનો આશ્રય લીધો છે માટે તું રખડયો છો, ત્રિકાળનો આશ્રય લીધો નહિ, તેથી વીતરાગદશા પ્રગટ ન થઈ.

અનાદિથી તું વીતરાગસ્વભાવી તત્ત્વ છો. તે તત્ત્વ એ જ આત્મદ્રવ્ય છે તેની ભાવના ન કરી અને તેનાથી વિરૂદ્ધભાવની ભાવના કરી–આશ્રય લીધો એટલે રાગની ઉત્પત્તિ થાય છે અને રાગમાં લાભ માને એટલે મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. તેનાથી વળી મિથ્યાત્વ સહિતના પુણ્ય–પાપકર્મ ઘાતિ અને અઘાતિકર્મરૂપે બંધાય છે અને તેના ફળ અનુસાર જીવનું સંસારમાં પરિભ્રમણ થાય છે. આમ, પર્યાયમાં ભૂલ થાય છે અને પર્યાયમાં પરિભ્રમણ થાય છે. દ્રવ્ય તો અનાદિથી જેમ છે તેમ જ છે.

પરના લક્ષે જે વિકૃતભાવ થાય છે તે જીવનો સ્વભાવ નથી, વિભાવ છે માટે તે સ્વદ્રવ્ય નથી, પરદ્રવ્ય છે. સ્વભાવથી વિરૂદ્ધ જાત છે માટે તે પરદ્રવ્ય છે તેનાથી પર્યાયમાં જીવ રખડયો છે. તેને કર્મથી રખડયો એમ કહેવાય છે.

ભગવાન આત્મા પરમાત્માની પ્રાપ્તિમાં રોકવાવાળા ચતુર્ગતિરૂપ સંસારના કારણરૂપ કર્મો વડે ત્રણ જગતમાં ગમન–આગમન કરે છે. એક ગતિથી બીજી ગતિમાં જાય છે. પોતાના ધ્રુવસ્વભાવના આશ્રય વિના એક સમયની વર્તમાન વર્તતી પર્યાયનો આશ્રય કરી, અજ્ઞાનભાવ ઉત્પન્ન કરી ચાર ગતિમાં રખડે છે.

અજ્ઞાનભાવ તે આત્મા નથી. વ્યવહારે તેને આત્મા કહેવાય, પણ નિશ્ચયથી તે જ અનાત્મા છે. નિશ્ચય આત્મા તે જ વાસ્તવિક આત્મા છે. સમજાણું કાંઈ!

તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવને પણ જીવતત્ત્વ કહ્યું છે, તે વ્યવહાર આત્મા છે. તેમાં પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. પણ નિશ્ચયનયનો આત્મા વ્યવહારની પર્યાયમાં આવતો નથી.

વીતરાગની શૈલી ગજબ છે! ચારેય તરફથી એક સત્યને જ કહેવાવાળી છે. યથાર્થ તત્ત્વ શું છે અને વિપરીત તત્ત્વ શું છે તેને સિદ્ધ કરનારી છે. પોતાના પરમાત્મસ્વભાવનો આશ્રય કરતો નથી અને એક સમયની પર્યાયનો આશ્રય લઈને વિકારથી કર્મ બાંધે છે અને તેના ફળમાં જીવ રખડે છે પણ વસ્તુ તો જેમ છે તેમ છે.

આત્મદ્રવ્યમાં તો પરમાત્મા થવાની જ શક્તિ છે. વિકારી થવાની શક્તિ આત્મદ્રવ્યમાં નથી. આત્મશક્તિ તો ત્રિકાળ એકરૂપ છે. પર્યાયમાં વિકાર થાય છે તે કર્મની શક્તિ છે-ભાવકર્મની શક્તિ છે.

શ્રીમદ્જીએ લખેલી ક્ષમાપનામાં આવે છે ને! હે ભગવાન! હું ભૂલ્યો, હું રખડ્યો, આપે કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહિ...જુઓ! 'ઓળખ્યા નહિ' એમ કહ્યું છે. પાળ્યાં તો નથી પણ ઓળખ્યા પણ નથી, ઓળખ્યા વિના પાળે ક્યાંથી?

ભગવાન કહે છે તું પોતે જ સાક્ષાત્ પરમેશ્વર છો. વસ્તુ તરીકે આત્મા ત્રણેકાળ પ્રગટ પુરુષોત્તમ છે અને પર્યાયમાં પરમાત્મપણું પ્રગટ થાય ત્યારે વ્યક્ત પુરુષોત્તમ છે. આત્માને કોઈ મા-બાપથી કે શરીરથી ઓળખાવાય એવો છે જ નહિ.

સારાંશ એ છે કે વીતરાગ પરમ આનંદરૂપ તથા બધી રીતે ઉપાદેયરૂપ પરમાત્માથી (પોતાના સ્વરૂપથી) ભિન્ન જે શુભ, અશુભ કર્મ છે તે ત્યાગવા યોગ્ય છે. વીતરાગ એટલે રાગાદિ દોષથી રહિત...તેમાં રાગને છેલ્લે મૂકવાનું કારણ એ છે કે, દ્વેષ પહેલાં જાય છે અને રાગ પછી જાય છે તેથી જેને રાગ પણ નાશ પામ્યો તેને સર્વ દોષો નાશ પામ્યા જ છે તે નિર્દોષ જ હોય અને આત્મદ્રવ્ય તો સદાય નિર્દોષ જ છે. વળી વીતરાગી પરમ આનંદરૂપ છે-પરમ સુખરૂપ છે તથા સર્વ રીતે ઉપાદેય છે, માટે તેમાં જ નજર નાંખીને તે જ આદરવા લાયક છે. નજર નાંખવી એટલે કે આદર કરવો. આનંદમય સ્વભાવ ઉપાદેય છે અને તેનાથી ભિન્ન એવા શુભ, અશુભકર્મ ત્યાગવા યોગ્ય છે.

એક સમયમાં ધ્રુવ ચૈતન્ય આનંદકંદ વીતરાગ પરમાત્મતત્ત્વ અંતરદૃષ્ટિ કરવા લાયક છે-તેમાં દૃષ્ટિ સ્થાપવા જેવી છે અને શુભ-અશુભભાવ તથા શુભ-અશુભકર્મ છોડવા લાયક છે. આ સારાંશ છે.

તું નાનો નથી...તને તેં નાનો માન્યો એ તારી ભ્રમણાની ભૂલ છે. ભગવાન કહે છે અમે પરમાત્મા થયા તો એ પરમાત્મદશા કયાંથી આવી એ તને ખબર છે? અંદરમાં ભરી હતી તે બહાર આવી છે. શક્તિ હતી તે પ્રગટ થઈ છે. જેમ કુવામાં હોય તે અવેડામાં આવે છે તેમ અમારી જેવી પરમાત્મદશા તારી ચીજમાં પણ પડી છે તેમાંથી પ્રગટ કર! અમારી સામે જોવાથી તારી નિર્મળતા નહિ પ્રગટે. તું તારી સામે જો તો પ્રગટશે. કેમ કે જેમાં હોય તેમાંથી આવે ને! બધું તારામાં જ છે.

આ વાત બેસવી એને કઠણ પડે છે. બીડી પીધા વિના ચાલે નહિ ને હું પરમાત્મા! હા. પર્યાયમાં તેં ઘાલમેલ કરી છે. તારી વસ્તુમાં તો ત્રિકાળી શક્તિ એવી ને એવી છે. તેં સુખસ્વરૂપને આદર્યું નથી માટે સુખી થયો નથી. કર્મે તને રખડાવ્યો નથી. તારો દોષ એ જ કર્મ છે.—એ જ કર્મની શક્તિ છે. તારામાં દોષ કરવાની શક્તિ નથી. પુણ્ય-પાપના વિકલ્પો એ દ્રવ્યની શક્તિ નથી, કર્મની શક્તિ છે. તેનો તેં આદર કર્યો છે તેથી રખડયો છો.

ભાઈ! તું કર્મ કરવા માટે અને રખડવા માટે પાંગળો છો. તારામાં તો તારા સ્વરૂપની રચના કરે એવું અનંતવીર્ય છે. રાગની રચના કરે એવું તારું વીર્ય નથી. રાગની રચના કરે એ તો અનાત્મવીર્ય છે. વાહ રે વાહ! શું આ સત્યની પ્રણાલિકા! ત્રણકાળ ત્રણલોકમાં કયાંય ફરે નહિ ને એક ધારાપ્રવાહ રહે એવી વીતરાગી સંતોની કથની છે. કહે છે કે સ્વરૂપને રચે તે આત્મવીર્ય છે.

ભગવાન ભગવાનને કહે છે તું પૂર્ણ વીર્યનો પિંડ છો હો! શુભાશુભરાગમાં કામ કરે છે તે તારું વીર્ય નથી. રાગને રચે એ કાંઈ તારું વીર્ય કહેવાય? એ તો કર્મનું વીર્ય થયું ગણાય. સ્વરૂપવીર્યના ભાન વિના અજ્ઞાનભાવે તે જ એ કર્મવીર્યને ઊભું કર્યું છે તેથી તને એ રખડાવે છે માટે એમ જાણીને હવે તે ત્યાગવા યોગ્ય છે.

આ પ્રકારે કર્મની શક્તિના સ્વરૂપને કહેવાની મુખ્યતાથી આઠ દોહા કહ્યાં. ભગવાન આત્માની શક્તિ તો અંતરમાં છે. વીતરાગી શ્રદ્ધા-જ્ઞાનને રચે તે આત્માનું વીર્ય કહેવાય. અજ્ઞાનપણે જે વીર્ય કામ કરે છે તે સ્વરૂપવીર્ય નહિ પણ કર્મવીર્ય છે એમ કરીને જીવના દોષને કર્મમાં નાંખીને કર્મે તને રખડાવ્યો અને કર્મે તને ગમન-આગમન કરાવ્યું છે, તું તો જેમ છો તેમ છો એમ વસ્તુની મહિમા બતાવવા જીવની ભૂલને કર્મમાં નાંખીને જીવની શક્તિને જુદી પાડી દીધી છે. તું તો અનંતબળનો ધણી—ભગવાન છો. તે જ ઉપાદેય છે બાકી બધું હેય છે—છોડવાલાયક છે.

[ ક્રમશઃ ]

# સમલ-વિમલનો વિચાર પણ સમલપણું છે

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૬ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો ૧૮મો શ્લોક છે તેના ઉપર બનારસીદાસજીનું ૧૯મું પદ્ય આ પ્રમાણે છે.

जदपि समल विवहारसौं, पर्यय–सकति अनेक।
तदपि नियत–नय देखिये, सुद्ध निरंजन एक ॥ १९ ॥

આ પદ્યમાં નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ બતાવ્યું છે.

જો કે વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અનેક ગુણ અને પર્યાયવાળો છે તોપણ નિશ્ચયનયથી જોવામાં આવે તો આત્મા એક, શુદ્ધ, નિરંજન જ છે.

અહીં 'જો કે' કહીને વ્યવહારનું ગૌણપણું અને મંદપણું બતાવવું છે. જો કે દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનેક ગુણો અને પર્યાયોથી આત્માને જોઈએ તો ભેદરૂપ વ્યવહાર છે એમ દેખાય છે. તોપણ, નિશ્ચયનયથી જોઈએ તો આત્માનો સ્વભાવ તો એકરૂપ અભેદ છે તે તો સર્વ ભાવાંતરનો નાશ કરવાના સ્વભાવવાળો છે.

અહીં આત્માને સંયોગથી જોવાની કે વિકલ્પથી જોવાની તો વાત જ નથી માત્ર ભેદથી જોઈએ તો ભેદ દેખાય છે. અનેકપણું છે એમ દેખાય છે તોપણ એકરૂપ અંતર-સ્વભાવની દૃષ્ટિએ જોઈએ તો આત્મા મેલ વિનાની એકરૂપ શુદ્ધ વસ્તુ છે. ભેદ અને વ્યવહાર તો અંજન છે તેનાથી રહિત આત્મા તો નિરંજન છે.

આવો મારગ છે ભાઈ! સંપ્રદાયની સાથે ક્યાંય મેળ ખાય તેવો આ મારગ નથી. વસ્તુસ્થિતિની જ જ્યાં ખબર નથી એવા સંપ્રદાયની સાથે મેળ ક્યાંથી ખાય! કોઈને વસ્તુનો પરિચય જ નથી.

વસ્તુમાં ભેદ પાડવો તે અંજન છે—મેલ છે-મેચક છે. અહીં રાગ-દ્વેષના મેલની વાત નથી. વસ્તુમાં ભેદ પાડવો તે મેલ છે એ વાત છે. આત્મા વસ્તુ મેલ વિનાની છે એમ નાસ્તિથી કહેવાય અને અસ્તિથી કહો તો આત્મા 'એક' છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. અભેદનું લક્ષ જ્યાં થાય છે ત્યાં ભેદનું લક્ષ છૂટી જાય છે તેથી અભેદને વ્યવહારના નાશ કરવાના સ્વભાવવાળો કહેવાય છે.

सर्व भावांतरच्छिदे એટલે પોતાના એકરૂપ સ્વભાવથી જે અનેરાં—ભિન્ન છે એવાં વ્યવહાર, પર્યાય, ભેદ આદિનો આત્મા ધ્વંશ કરનારો છે. આત્મા તો અમેચક છે.

જ્ઞાનનો એક અંશ વ્યવહારને જુએ છે અને એક અંશ નિશ્ચયને જુએ છે. વ્યવહારથી જોનાર અંશમાં જો કે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણરૂપે આત્મા દેખાય છે. तदपि नियत–नय देखिये તો આત્મા એકરૂપ નિત્ય અભેદ અવિનાશી છે. નિયતનય દેખિયે એટલે નિશ્ચયનયને પોતાને જોઈએ એમ નહિ પણ નિશ્ચયનયથી વસ્તુને જોઈએ તો વસ્તુ ધ્રુવ છે. ધ્રુવને જ અહીં નિશ્ચયનય કહી દીધો છે. અધ્યાત્મમાં નય અને નયના વિષયનો ભેદ રહેતો નથી.

જેને જન્મ-મરણનો નાશ કરવો હોય...પોતાની દૃષ્ટિમાં સ્વભાવની સિદ્ધિ કરવી હોય તેણે આ બધું જાણવું પડશે. આ જાણ્યા વિના બીજો કોઈ ઉપાય નથી.

નિશ્ચયનયથી જોઈએ તો આત્મા એક, શુદ્ધ, નિરંજન જ છે. एक एव एकतः વસ્તુદૃષ્ટિએ વસ્તુ એક જ છે, તેમાં ભેદ દેખાતો નથી. અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ દેખાય તો અભેદ રહેતું નથી.

બહુ ઝીણી વાત છે ભાઈ ! ભગવાન...ભગવાન...રામ...રામ...રામ...નામની માળા જપવાથી આ કામ થાય તેવું નથી. અંતરમાં રમતો રામ એકરૂપ છે તેની દૃષ્ટિ કર તો આત્મસાક્ષાત્કાર થાય. આત્મા...આત્માના નામના રટણથી કાંઈ ન થાય. એ તો વિકલ્પ છે.

હવે ૧૯મા શ્લોકનું ૨૦મું પદ્ય કહે છે તેમાં શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ બતાવ્યું છે.

> एक देखिये जानिये, रमि रहिये इक ठौर।
> समल विमल न विचारिये, यहै सिद्धि नहि और ॥ २० ॥

અર્થ:—આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ-સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી.

વિકલ્પ વડે એકરૂપ આત્માને જાણી શકતો નથી, માટે આ આત્મા એક છે એમ નહિ પણ અનેક ભેદ ઉપરથી લક્ષ છૂટીને અંતરમુખ થાય એટલે વસ્તુ એકરૂપે જ દૃષ્ટિમાં આવે છે. 'આ એક છે' અને તેને હું પકડું છું એમ નથી. એમ હોય તો તો વસ્તુ એક અને તેને પકડનારી પર્યાય એ બેનો ભેદ પડી જાય છે.

વીતરાગનો માર્ગ એ જ માર્ગ છે બાકી બધાં થોથા છે.

'એક દેખિયે' એમ કહ્યું એટલે બધાં આત્માને એક માનવા એમ નથી કહ્યું. આત્મા પોતે એકરૂપ છે એમ જુઓ. જેમાં અનંત શક્તિ અને અનંત સામર્થ્ય છે એવો ભેદરૂપભાવ હોવા છતાં તેને અભેદ દેખો, એકરૂપ શ્રદ્ધાન કરો, ભેદ ઉપર લક્ષ ન રાખો.

**एक देखिये जानिये रमि रहिये इक ठौर।** આમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી ગયાં. ધ્રુવની શ્રદ્ધા, ધ્રુવનું જ્ઞાન અને ધ્રુવમાં રમવું તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે.

અહા! પર તરફના લક્ષવાળો અણુવ્રત, મહાવ્રતાદિનો રાગ તો સ્થૂળ રાગ છે પણ નિજ એકરૂપ ધ્રુવ વસ્તુને જ્ઞાન, દર્શનાદિના ત્રણ પ્રકારે જોવી તે પણ વિકલ્પનું કારણ છે-રાગ છે. તેની ઉપર લક્ષ છે ત્યાં સુધી દૃષ્ટિમાં સમ્યક્તા આવતી નથી. માટે આ વસ્તુ એક છે અને અનેક છે, મેચક છે અને અમેચક છે એવા વિકલ્પ ન રાખવા.

વીતરાગ કહે છે તું મારી સામે જોવાનું છોડીને તું તારી સામે જો. તું પોતે ભગવાન છો. તું એમ ન માન કે આવી મોટી વાત મને કેમ બેસે! અનંતા જીવો આ વાત બેસાડીને મુક્તિ પામ્યા છે.

આત્મા એકરૂપ છે તેને ગુણ, પર્યાયના ભેદથી અનેકરૂપે જુઓ તો અનેકરૂપ છે એમ જોવું તે ભેદ છે, વ્યવહાર છે, મેચકપણું છે, કેમ કે તેને જોતાં વિકલ્પ ઉઠે છે અને જો તેમાં લાભ માને તો તો મિથ્યાત્વ થાય છે. માટે હું મેચક છું કે અમેચક છું તે કોઈ વિકલ્પ કરવા જેવા નથી. अलम्-બસ થાઓ! વિકલ્પોથી બસ થાઓ!!

સમયસારની ૧૪૨ ગાથામાં આવે છે કે આત્મા અમેચક છે અર્થાત્ શુદ્ધ છે અને પર્યાયથી મેચક છે અર્થાત્ ભેદરૂપ છે પણ તેથી શું! એવા વિકલ્પો કરવાથી શું હિત છે! કર્તા થઈને એવા વિકલ્પો કરે તે તો અજ્ઞાન છે. વિકલ્પ કરવા એ અજ્ઞાનીનું કાર્ય છે. કેમ કે, તેની દૃષ્ટિ રાગ અને ભેદ ઉપર છે તેથી વિકલ્પ કર્તા છે અને વિકલ્પ જ તેનું કાર્ય છે. જ્ઞાની તે વિકલ્પનું લક્ષ છોડીને એકરૂપ સ્વભાવની શ્રદ્ધા જ્ઞાનમાં રમે છે તે તેમની મુક્તિનું કારણ છે—એ જ મુક્તિનો ઉપાય છે-તેમાં જ સર્વ સિદ્ધિ છે કેમ કે તેનાથી જ શ્રદ્ધાથી માંડીને કેવળજ્ઞાન આદિ બધું થાય છે.

એક ભાઈ કહે કે, આવી શ્રદ્ધા, જ્ઞાન આદિ ન થાય ત્યાં સુધી અમારે કરવું શું?—ત્યાં સુધી તેનો પ્રયત્ન કરવો-સમજણ કરવી...પણ મૂળ તો તેને 'કરવું' દૃષ્ટિમાંથી છોડવું ગમતું નથી. કાંઈક કરીએ તો કલ્યાણ થાય એમ માની રાખ્યું છે. પણ ભાઈ! 'કરવું' એ તો 'મરવું' છે. વિકલ્પ કરવો તે ભાવમરણ છે. અકર્તા

થઈને આત્મામાં રહેવું તે જીવનું જીવન છે.

આત્માને દેખવો અને શ્રદ્ધવો તે તેનું જીવન છે. ચરમાથી જોવું તો છોડ... આંખથી જોવું છોડ પણ એક સમયની પર્યાયથી પણ પરને જોવાનું છોડ...અંદરમાં ભગવાન આત્મા બિરાજે છે તેને જો! તેમાં દૃષ્ટિ સ્થાપ! તે શ્રદ્ધા જ સાચી છે.

यहै सिद्धि नहि और।—અંતરમુખ ચૈતન્યના ધ્રુવપણાની દૃષ્ટિ અને તેનો અનુભવ કરવામાં જ સર્વસિદ્ધિ છે કારણ કે તેનાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને કેવળજ્ઞાનની સિદ્ધિ થાય છે.

કૈલાસચંદજી પંડિત લખે છે કે કાનજીસ્વામીએ કામ કર્યું છે એવું કોઈએ કર્યું નથી. ભાઈ! અમે તો કાંઈ કર્યું નથી. કામ કરનાર તો અમે નહિ પણ એવા વિકલ્પના કરનારા પણ અમે નહિ, માત્ર આ પ્રભાવનાનું કાર્ય થયું તેમાં નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવા એમ કહેવાય.

અભેદનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મુક્તિ થાય, બીજો કોઈ ઉપાય છે જ નહિ. ભેદ અને વિકલ્પથી આત્માને કાંઈ લાભ નથી.

ભાવાર્થ:—આત્માને નિર્મળ, સમળના વિકલ્પ રહિત એકરૂપ શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે. નવતત્ત્વને જાણવાથી સમ્યગ્દર્શન છે એમ કહે છે પણ નવ તત્ત્વ જેમ છે તેમ જાણે તેની દૃષ્ટિ તો આત્મા ઉપર જ જાય. નવ તત્ત્વની ભેદથી શ્રદ્ધા કરે તેમાં કાંઈ નવીન નથી. એ તો અનાદિથી કરતો આવ્યો છે. કળશટીકામાં કહ્યું છે કે, નવતત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે

તો પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ કહ્યું છે કે 'નવતત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.' ત્યાં એમ કહેવું છે કે એકરૂપ આત્માને જાણતાં, બીજા તત્ત્વો આત્મામાં નથી. એવું જ્ઞાન થાય છે તેમાં નવેય તત્ત્વનું જ્ઞાન આવી જાય છે. તેથી જ્ઞાનપ્રધાન કથનમાં તેને નવતત્ત્વની શ્રદ્ધા કહેવામાં આવે છે. એકરૂપ આત્માની અસ્તિનું જ્ઞાન થતાં તેમાં અજીવ અને આસ્રવ આદિની પર્યાયો નથી એવી નાસ્તિનું જ્ઞાન પણ સાથે જણાય છે.

જે પક્ષ પોતાને બંધાઈ ગયો હોય તેને છોડીને આ સમજવું બહુ આકરૂં પડે છે. પક્ષની ગંધ છોડવી આકરી છે. જેમ કેરોસીનના શીશાને ગમે તેટલો સાફ કરો પણ ગંધ જવી મુશ્કેલ છે અંતે તેજાબ નાંખીને ધોવો ત્યારે ગંધ જાય તેમ સંપ્રદાયની દૃષ્ટિ હોય તેને છોડીને આ દૃષ્ટિ કરવી તે મોટું કામ છે. પહેલાં તો આ દૃષ્ટિ ખોટી છે અને આ સાચી છે એમ ભેદ પડે ત્યારે દૃષ્ટિ ફરે.

અહો! શાસ્ત્રનું જ્ઞાન એ પણ જ્ઞાન નથી. એકરૂપ અભેદ આત્માનું જ્ઞાન તે

જ્ઞાન છે. અને એકરૂપ આત્મામાં સ્થિર થવું તે ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, એ તો વિકાર છે, દુઃખ છે, રાગ છે, દોષ છે, ઝેર છે. અભેદ નિજ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતા તે જ એક મોક્ષનો ઉપાય છે.

હવે અમૃતચંદ્ર આચાર્ય ૨૦મો શ્લોક કહે છે.

कथमपि समुपात्तत्रित्वमप्येकताया:
अपतितमिदमात्मज्योतिरुद्‌गच्छदच्छम् ।
सततमनुभवामोऽनन्त चैतन्य चिह्नम्
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धि: ॥२०॥

શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે તે અનુભવની અહીં પ્રસંશા કરે છે. જ્ઞાન કેવું છે? કે અનંત છે. અનંત એટલે જેને કોઈ મર્યાદા નથી એવું એકરૂપ જ્ઞાન.

जाके पद सोहत सुलच्छन अनंत ग्यान
विमल विकासवन्त ज्योति लहलही हैं।
यद्यपि त्रिविधरूप विवहारमैं तथापि,
एकता न तजै यौं नियत अंग कही है ॥
सो है जीव कैसी हूं जुगतिकै सदीव ताके,
ध्यान करिबेकौं मेरी मनसा उनही है ।
जाते अविचाल रिद्धि होत और भांति सिद्धि,
नाहीं नाहीं नाहीं यामैं धोखो नाहीं सही है ॥ २१ ॥

जाके पद...જેનું પદ જ્ઞાનરૂપ સુલક્ષણથી શોભે છે. સ્વભાવ અને સ્વભાવવાન એવા ભેદ પણ જેમાં નથી, એવી વસ્તુ શોભે છે. ચૈતન્યસૂર્ય જગમગ જગમગ થઈ રહ્યો છે. એકલો ચૈતન્યપ્રકાશ લહલહી રહ્યો છે. 'ચૈતન્યપ્રકાશ' એ પણ ભેદથી કથન છે. અરે! દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પણ જ્યાં પાલવતાં નથી તેને રાગ અને નિમિત્ત હોય તો જ્ઞાન થાય એ ક્યાંથી પાલવે! (ક્યાંથી પોસાય!)

વસ્તુમાં ગુણ અને પર્યાય તો છે છતાં તેના ભેદ પણ જેને ખટકે છે એવી વસ્તુ અભેદ અને એકાકાર છો, તેથી નિશ્ચયનય કહે છે આત્મા ક્યારેય ત્રણરૂપે થયો નથી. જે એકરૂપ છે તે જીવ છે. ભેદરૂપને જીવ ન કહેવો એમ કહે છે.

આ તો જીવદ્વાર છે ને! જીવદ્વાર એટલે જીવના સ્વરૂપનું કથન. જીવ કોને કહેવો?—કે જે એકરૂપતાને તજતો નથી તે જીવ છે. જ્યાં નજર એક ઉપર પડી ત્યાં

એક વસ્તુ અને નજરનો પણ ભેદ નથી. એ એકતા કદી ભેદરૂપમાં આવતી નથી. એકરૂપ આત્મા કદી વ્યવહારરૂપે કે ભેદરૂપે કે અનેકરૂપે થયો જ નથી અને થતો નથી.

લોકો બહારની વિદ્વતાથી આત્માને અનેક રીતે માને છે પણ આમાં બહારની વિદ્વતાથી સમજાય તેવું નથી ભાઈ! આત્માએ કદી એકરૂપતા છોડી નથી ત્યાં એ પુદ્ગલની સહાય લે, વિકલ્પની સહાય લઈને કામ કરે કે વિકલ્પની સહાયથી જાણે એમ કેમ બને! એમ બનવું અશક્ય છે.

અહા! આત્મા વસ્તુ એકપણું છોડીને બેરૂપ થઈ નથી. ગુણી અને ગુણ એવા બે ભેદરૂપે પણ આત્મા થયો નથી. તેનું કોઈ પણ યુક્તિથી સદા ધ્યાન કરવા માટે મારું ચિત્ત ઉત્સાહી બન્યું છે. યુક્તિ એટલે અંતરમુખ પુરુષાર્થ કરવા હું જાગૃત થયો છું, નિરંતર મારું વલણ આત્મા તરફ જવા તૈયાર થઈ ગયું છે.

ધર્મીની દૃષ્ટિ નિરંતર એકરૂપ દ્રવ્ય ઉપર જ હોય છે. એવા ધર્મી કહે છે કે મારું મન આત્માનું ધ્યાન કરવા ઉત્સાહી થયું છે. વસ્તુ તરફની એકાગ્રતા અર્થાત્ ધ્યાન એ જ વસ્તુનો પ્રયત્ન અને પ્રતીત છે, તે નિરંતર ચાલે છે. ક્યારેય તેને ભેદની મુખ્યતા થઈ જતી નથી. નિશ્ચય જ સદૈવ મુખ્ય છે. કોઈ સમયે વ્યવહાર મુખ્ય નથી. આત્માના નિશ્ચય એકરૂપ સ્વરૂપનું ધ્યાન કરવા હું ઉત્સાહિત થયો છું—

**ध्यान करिबेको मेरी मनसा उनही है।**

ભેદ અને વ્યવહારને જીતે અને અભેદની દૃષ્ટિ કરે તે જૈન છે. કેમ કે જીવ સદાય અભેદ છે, જીવે ક્યારેય અભેદપણું છોડયું નથી.

**जाति अविचल रिद्धि होत**—અવિચલ રિદ્ધિ નામ મોક્ષ. અભેદના અનુભવથી મોક્ષ પ્રાપ્ત થાય છે. **और भांति सिद्धि नाहीं नाहीं**—બીજાં કોઈ ઉપાયથી મોક્ષ—પૂર્ણદશાની સિદ્ધિ થતી નથી. સ્વની એકતાના ઉત્સાહથી અવિચલ ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. વ્યવહાર કે ભેદના લક્ષે સિદ્ધિ થતી નથી...નથી...નથી. એમ વારંવાર નથી કહીને કથનનું સમર્થન કર્યું છે.

આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્મામાં સ્થિરતા તેનાથી જ પૂર્ણતાની પ્રાપ્તિ છે. એકના આશ્રય સિવાય બીજો ઉપાય નથી...નથી...નથી. આમાં ધોખો અર્થાત્ કોઈ શંકા નથી. આ વાત બિલકુલ સત્ય છે. એક આત્માના આશ્રયે જ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર છે. (ક્રમશઃ)

# ✻ વીતરાગતા....વીતરાગતા ✻

[ શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સર્વજ્ઞના સર્વશાસ્ત્રનો સાર શું છે? તેની આ ગાથામાં વાત છે.

વીતરાગના મુખમાંથી નીકળેલા દિવ્યધ્વનિનું અને સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. ચારે અનુયોગના શાસ્ત્રનો સાર એ છે કે જ્ઞાનાનંદ નિજ સ્વભાવને જાણીને તેમાં ઠરવું. વચ્ચે પરના અવલંબને રાગ થાય છે તે હેય છે. ચિદાનંદ સ્વભાવના આશ્રયે વીતરાગભાવ થાય છે તે જ આદરણીય છે. જે જીવ મોક્ષનો અભિલાષી છે તેણે શું કરવું? ચિદાનંદ સ્વભાવમાંથી પૂર્ણ આનંદ મોક્ષદશા પ્રગટ કરવાના જે કામી છે એવા જીવને અહીં 'મહાજન' કહેલ છે. હે વિરલ મહાપુરુષ! જો તારે આ સંસારના પરિભ્રમણથી છૂટવું હોય ને આત્માની પૂર્ણાનંદ દશા પ્રાપ્ત કરવી હોય તો વિષયરાગનો ત્યાગી થા! અંદરમાં પ્રથમ ચિદાનંદ સ્વભાવનું ભાન તો થયું છે, પછી મુનિ થવાની આ વાત છે. ચિદાનંદ જ્ઞાતાદ્રષ્ટા આત્માનું ભાન તો પ્રથમ જ કરવું જોઈએ, પછી પૂર્ણ પવિત્ર મોક્ષદશા પ્રગટ કરવા માટેનો આ ઉપદેશ છે કે હે મહાજનો! સમસ્ત વિષયકષાયના પરિણામ છોડીને ચૈતન્યમાં લીનતા કરો, પુણ્ય-પાપની રુચિ ધર્મીને હોતી નથી, પણ હજી નબળાઈથી રાગ થાય છે, તે રાગને પણ છોડવાનો અહીં ઉપદેશ છે. અહો! મારું સ્વરૂપ તો જ્ઞાન છે. મારે અનાકુળ શાંતિ જોઈએ છે. એમ જેને મોક્ષની અભિલાષા થઈ છે. એવા જીવને સ્વભાવનું ભાન હોવા છતાં હજી અસ્થિરતાથી રાગ થાય છે. તેને કહે છે કે- હે ભવ્ય! પહેલાં તો તું વિષયકષાયના પાપ રાગને છોડ; પહેલાં ધર્મરાગ નહિ છૂટે. સાચા દેવ-ગુરુ તથા સાધર્મી પ્રત્યે પ્રેમાળ વૃત્તિ વગેરેનો ધર્મરાગ પહેલાં થયા વિના નહિ રહે. માટે કહ્યું કે પહેલાં અશુભરાગને છોડ. ખરેખર તો રાગ છોડવા તરફનો પણ પ્રયત્ન નથી, પરંતુ સ્વભાવ તરફનો પ્રયત્ન છે. સ્વભાવ તરફનો ઉદ્યમ થતાં રાગભાવ છૂટી જાય છે. સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં લીનતા થતાં વીતરાગભાવ થાય તે શાસ્ત્રનો સાર છે. જેમ છાશનો સાર માખણ અને ઘી છે, તેમ શાસ્ત્રનો સાર વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા કરવી તે છે. શુદ્ધ સ્વભાવ તરફનો ઉદ્યમ કરતાં રાગાદિ ટળી જાય છે. પહેલાં સર્વથા વીતરાગતા એક સાથે થઈ જતી નથી પણ અશુભ ટળીને શુભરાગ થાય છે ને સ્વભાવ તરફની એકાગ્રતાના અત્યંત વીતરાગતા થતાં મોક્ષ થાય છે.

માટે કહ્યું કે- હે ભવ્ય જીવો ! સ્વભાવની સ્થિરતા વડે અત્યંત વીતરાગભાવ પ્રગટ કરીને સંસારસમુદ્રનો પાર પામો !! અહો સંસારમાં ક્યાંય સુખ નથી—દેવપદમાં કે શેઠાઈમાં પણ સુખ નથી, ચિદાનંદ સ્વભાવનું સુખ બહારમાં નથી. બહારમાં જેટલું વલણ જાય તે આકુળતા છે—દુઃખ છે. સંસારસમુદ્રમાં હર્ષ-શોકની કલ્પનાથી જીવો આકુળ-વ્યાકુળ છે. અનુકૂળતામાં સુખ માનીને હર્ષ કરે છે ને પ્રતિકૂળતામાં દુઃખ માનીને શોક કરે છે, પણ તે બન્ને કલ્પનાઓ દુઃખદાયક જ છે. ચિદાનંદ આત્મા શાંતિનો દરિયો છે-તેને બદલે બહારમાં સુખ-દુઃખની કલ્પનાથી જીવ આકુળ થાય છે, તેમાં ક્યાંય જીવને શાંતિ નથી, શાંતિ તો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં છે. સંસારમાં મોટા મોટા રાજાઓ ને દેવો પણ હર્ષશોકની કલ્પના કરીને આકુળ-વ્યાકુળ થઈ રહ્યા છે, પર સંયોગ તરફના વલણવાળો ભાવ જ દુઃખદાયક છે, ચિદાનંદ સ્વરૂપને ઓળખીને તેના આશ્રયે વીતરાગભાવ પ્રગટ કરે તે જીવ સંસારનો પાર પામે છે.

અહો ! જીવો ! એકવાર ઓળખાણ તો કરો...પ્રતીત તો કરો કે સુખ મારા સ્વરૂપમાં છે, બહારમાં હર્ષ-શોકની કલ્પના થાય તેમાં મારું સુખ નથી. આમ ઓળખીને સ્વરૂપમાં સ્થિર થાય તો હર્ષ-શોકની કલ્પના છૂટીને સંસારથી મુક્ત થવાનો અવસર આવે. અજ્ઞાની બહારમાં સુખ માને છે તે તો મિથ્યા છે ને જ્ઞાનીને પણ અસ્થિરતાથી બહારમાં હર્ષ-શોકની કલ્પના થાય તેટલું દુઃખ છે. અહો ! આ સંસારમાં હર્ષ-શોકની કલ્પનારૂપ મોજાં ઊછળી રહ્યાં છે, ને કર્મ તરફનાં વલણરૂપ વડવાગ્નિ સળગી રહ્યો છે. જેમ દરિયામાં વડવાગ્નિ થાય છે તે પાણીને સૂકવી નાખે છે તેમ ચૈતન્ય ભગવાન શાંતિનો સમુદ્ર છે, તેમાં કર્મ તરફનું વલણ થતાં આકુળતારૂપ વડવાગ્નિ ઉત્પન્ન થાય છે. આવા સંસારને તરવો બહુ કઠણ છે. વીતરાગભાવથી આવા દુસ્તર સંસારસમુદ્રનો પાર પામીને, આત્મા પોતાના અમૃતસાગરમાં લીન થઈને, મોક્ષપદ પામે છે. ચૈતન્યસમુદ્રમાં ભગવાન આત્મા બિરાજી રહ્યો છે, તેની દ્રષ્ટિ કરીને તેમાં લીન થતાં આત્મા તત્કાળ મુક્તદશાને પામે છે. જુઓ, શાસ્ત્રનું આ તાત્પર્ય છે. મોક્ષમાર્ગનું સાક્ષાત્ કારણ અને સર્વ શાસ્ત્રોનો સાર વીતરાગભાવ જ છે. આત્માના સ્વભાવનું અવલંબન લેતાં એવો વીતરાગભાવ પ્રગટે છે.

'बहुत विस्तार कहांतक किया जाय जो साक्षात् मोक्षमार्गका प्रधान कारण है समस्त शास्त्रोंका तात्पर्य है ऐसा जो वीतरागभाव सो ही जयवंत होहु'

અહો ! ચિદાનંદ ભગવાનમાં અંતર્મુખ થઈને, સ્વભાવ સામર્થ્યના પિંડને ઉકેલતો વીતરાગભાવથી આત્મા મુક્તિ પામે છે. આ જ બધાં શાસ્ત્રોનું તાત્પર્ય છે, ને

આ જ મોક્ષનો માર્ગ છે. આવો વીતરાગભાવ જયવંત વર્તો ! તે વીતરાગ ભાવ ચૈતન્યસ્વભાવના અવલંબને જ પ્રગટે છે. સર્વજ્ઞ ભગવાને કહેલાં બધાં શાસ્ત્રોનો સાર શું ?–કે વીતરાગતા ! પંચમહાવ્રતના ભાવ મુનિને આવે પણ તે શાસ્ત્રનું તાત્પર્ય નથી. શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. વચ્ચે રાગ આવે તેનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રમાં તેનું વર્ણન ભલે હોય, પણ તાત્પર્ય તો વીતરાગભાવ જ છે. શુભરાગને ઉપાદેય કહ્યો હોય તો તે વ્યવહારથી કથન છે—એમ સમજવું, રાગ થાય તે શાસ્ત્રનું તાત્પર્ય નથી. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની પ્રતીત અને તેમાં લીનતારૂપ વીતરાગભાવ થાય તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે, ને તે જ મોક્ષમાર્ગ છે. અહો ! આવો વીતરાગભાવ જયવંત વર્તો !

સર્વજ્ઞદેવના દિવ્યધ્વનિમાંથી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે રચેલાં સમયસારાદિ, તેમ જ ધરસેનાચાર્યદેવ વગેરે સંતોએ રચેલાં ષટ્ખંડાગમ વગેરે બધાં શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે.

વીતરાગભાવ એટલે કે સ્વદ્રવ્યની અપેક્ષા ને પરદ્રવ્યથી ઉપેક્ષા; વચ્ચે રાગ અને નિમિત્ત આવે તેનું જ્ઞાન કરાવે છે, પણ તે શાસ્ત્રનું તાત્પર્ય નથી, નિમિત્તનું અવલંબન છોડીને ચિદાનંદ સ્વભાવના અવલંબને વીતરાગ ભાવ થાય તે જ તાત્પર્ય છે. માટે આચાર્યદેવ કહે છે કે અહો ! " **स्वस्ति साक्षान्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति** " સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ અને શાસ્ત્રના તાત્પર્યભૂત એવો આ વીતરાગભાવ જયવંત વર્તો ! જુઓ, અમૃતચંદ્રાચાર્યદેવ જ્યારે આ શબ્દો લખી રહ્યા છે તે વખતે તેમને શુભરાગ વર્તતો હતો, પણ કહે છે કે આ રાગનો જય ન હો, પણ સ્વભાવમાં લીનતા વડે આ રાગનો નાશ થાઓ, ને વીતરાગભાવનો જય થાઓ. સ્વભાવ તરફનો વીતરાગભાવ જયવંત હો, ને પર તરફના વલણવાળો રાગભાવ નાશ પામો.

સ્વભાવના આશ્રયે, પહેલાં વીતરાગી દૃષ્ટિ પ્રગટ કરવી ને પછી વીતરાગી સ્થિરતા પ્રગટ કરવી તે જ મોક્ષમાર્ગ છે, ને તે જ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

સંતોએ સિદ્ધાંતમાં બે પ્રકારનું તાત્પર્ય બતાવ્યું છે. એક તો સૂત્રતાત્પર્ય અને બીજું શાસ્ત્રતાત્પર્ય. સર્વજ્ઞની પરંપરાથી જે સૂત્રો ચાલ્યાં આવ્યાં છે, તે સૂત્રોનો ભાવ સમજવો તે સૂત્રતાત્પર્ય છે. કોઈ સૂત્રમાં દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું, કોઈ ઠેકાણે પર્યાયનું, રાગનું કે નિમિત્તનું જ્ઞાન કરાવ્યું હોય—એ પ્રમાણે દરેક સૂત્રમાં સૂત્રતાત્પર્ય ભિન્ન ભિન્ન હોય છે. સૂત્રતાત્પર્ય તો તે તે ગાથામાં સમજાવ્યું છે ને આખાય શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે.

'જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે' એમ સૂત્રમાં કહ્યું હોય ત્યાં તેનું સૂત્ર-તાત્પર્ય એમ છે કે જીવનું જ્ઞાન રોકાયું ત્યારે સામે કેવું નિમિત્ત હતું તે બતાવ્યું છે. નિયમસારની ૧૩મી ગાથામાં કહ્યું કે સમ્યગ્દર્શન પામનાર જીવને જિનસૂત્ર તે બાહ્યનિમિત્ત છે ને જ્ઞાનીપુરુષ તે ઉપચારથી અંતરંગ નિમિત્ત છે. ત્યાં સૂત્રતાત્પર્ય એમ છે કે બે નિમિત્તોમાંથી શાસ્ત્ર કરતાં જ્ઞાનીની મુખ્યતા બતાવવી છે, માટે તેને અંતરંગ નિમિત્ત કહ્યું છે.

સ્વામીકાર્ત્તિકેયાનુપ્રેક્ષામાં ૨૧૧માં સૂત્રમાં કહ્યું કે પુદ્ગલમાં કોઈ એવી અપૂર્વ શક્તિ છે કે જીવના કેવળજ્ઞાનનો પણ નાશ કરે છે એટલે કે કેવળજ્ઞાનને થવા દેતું નથી. ત્યાં પુદ્ગલમાં કેવું પરિણમન થાય છે તે બતાવવા માટે તે કથન છે, પણ કર્મ જ્ઞાનને રોકે છે એવું ત્યાં નથી બતાવવું, એ પ્રમાણે સૂત્રતાત્પર્ય સમજવું અને આખાય શાસ્ત્રનો સાર તો વીતરાગભાવ છે, સંયોગ અને વિકારની દૃષ્ટિ છોડીને, ચિદાનંદ અખંડ સ્વભાવની દૃષ્ટિ કરીને અને તેમાં સ્થિરતા કરીને વીતરાગભાવ પ્રગટ કરવો તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે, ને તે જ મોક્ષનો માર્ગ છે. જ્ઞાનાવરણીયે જ્ઞાન રોક્યું—એમ કહીને તારી જ્ઞાનપર્યાયનું હીણું પરિણમન છે—એમ બતાવ્યું અને તેનું પણ તાત્પર્ય એ છે કે અલ્પજ્ઞતા તે તારું સ્વરૂપ નથી, માટે તેની દૃષ્ટિ છોડીને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કર ને તેના આશ્રયે સર્વજ્ઞતા પ્રગટ કર! આવું સૂત્રતાત્પર્ય છે.

સમયસાર, ગોમ્મટસાર, રત્નકરંડ શ્રાવકાચાર કે આદિપુરાણ વગેરે ચારે અનુયોગમાં શાસ્ત્રોનો સાર એ છે કે તું તારા સ્વભાવની સન્મુખ થા! વચ્ચે રાગ અને નિમિત્ત આવે, પણ તેના તરફ લક્ષ કર એમ કહેવાનું શાસ્ત્રોનું તાત્પર્ય નથી. મુનિદશામાં પંચમહાવ્રત ૨૮ મૂળગુણ વગેરે કેવો રાગ હોય તેનું જ્ઞાન કરાવ્યું, પણ ત્યાં કાંઈ શાસ્ત્રનું તાત્પર્ય તે રાગ કરાવવાનું નથી. ગમે તે શાસ્ત્રના ગમે તે કથનમાંથી જો વસ્તુસ્વભાવ તરફ ઢળવાનું તાત્પર્ય કાઢે તો જ તે શાસ્ત્રનો આશય સમજ્યો છે. પણ જો ક્યાંય પણ પરદ્રવ્યના આશ્રયથી લાભ થવાનું તાત્પર્ય કાઢે તો તે જીવ શાસ્ત્રને સમજ્યો નથી, તેની યુક્તિ અને તર્ક તે બધા કુતર્ક ને કુયુક્તિ છે. શાસ્ત્રે કહ્યું કે "જોઈને ચાલવું" તો ત્યાં શું તાત્પર્ય છે? શું પર સામે જોવાનું તાત્પર્ય છે? કે શુભરાગનું તાત્પર્ય છે? ત્યાં તેનું તાત્પર્ય એમ છે કે રાગ થવા ન દેવો, એટલે કે પરથી ઉપેક્ષા કરીને સ્વભાવની સન્મુખતા કરવી તે તાત્પર્ય છે. સ્વભાવની સન્મુખતા ને પરથી વિમુખતા એવું તાત્પર્ય છે. વચ્ચે વ્યવહાર આવે તેનાથી જો લાભ માને તો સ્વભાવ તરફ ઢળે નહિ, પરદ્રવ્યના અવલંબને લાભ માને કે વ્યવહારના આશ્રયે

લાભ માને તો તે જીવ શાસ્ત્રના તાત્પર્યને સમજ્યો નથી. માટે હે મોક્ષના અભિલાષી ભવ્ય ! તું સ્વભાવનાં અવલંબને વીતરાગભાવ પ્રગટ કરીને આ સંસારથી પાર થા! જુઓ, જે જીવ પુણ્યનો અભિલાષી હોય, પૈસાનો અભિલાષી હોય કે વિષય-ભોગનો અભિલાષી હોય એવા મૂઢ જીવોને આ વાત કહેતાં નથી. ચાર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષપુરુષાર્થની જ પ્રધાનતા છે—એ જ જિનેંદ્રપ્રણીત શાસ્ત્રોની ઉત્તમતા છે. ધર્મ એટલે કે પુણ્ય, અર્થ એટલે કે પૈસા વગેરે મેળવવા તે, અને કામ એટલે વિષયભોગ-એ ત્રણે પુરુષાર્થ તો સંસારનું કારણ છે, વીતરાગશાસ્ત્રમાં તો મોક્ષના વીતરાગી પુરુષાર્થની જ પ્રધાનતા છે. જિનેંદ્રદેવે કહેલાં શાસ્ત્રો તો વીતરાગભાવનું જ પોષણ કરાવનારાં છે. વિષયકષાયના પાપભાવનું કે રાગનું પોષણ કરાવે એને શાસ્ત્ર કહેવાય નહિ. જિનેંદ્રપ્રણીત શાસ્ત્રમાં તો આત્માની મોક્ષદશાની સિદ્ધિ જેનાથી થાય એવા પુરુષાર્થની જ મુખ્યતા છે. સ્વભાવના આશ્રયે વીતરાગભાવ પ્રગટે તે જ જિનેંદ્રદેવનાં શાસ્ત્રનું તાત્પર્ય છે. વચ્ચે મુનિઓને પણ ધર્મરાગ આવે, પણ તે ગૌણ છે, તેની પ્રધાનતા નથી. પ્રધાનતા તો સ્વભાવના અવલંબને વીતરાગભાવ પ્રગટે તેની જ છે, અને એ વીતરાગભાવ પ્રગટે તેની જ છે અને એ વીતરાગભાવ જ શાસ્ત્રનું તાત્પર્ય છે તથા તે જ મોક્ષમાર્ગ છે. [ ક્રમશઃ ]

##卐 ...તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે 卐

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય —નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાનો પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ-ક્રિયા તો ક્રમબદ્ધ છે જ, પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જે જ્ઞાનની પર્યાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# ▣ વૈરાગ્યજનની : બાર ભાવના ▣

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ બાર ભાવનાનું વર્ણન છે. તેમાં "ધર્મ અનુપ્રેક્ષા" ચાલે છે. અહીં "ભાવના"નો અર્થ "તેના સ્વરૂપનો વિચાર"–એમ છે. મુનિ હોય તે શ્રાવકના ધર્મનો પણ વિચાર કરે, આસ્રવનો પણ વિચાર કરે, નરકનાં દુઃખનો પણ વિચાર કરે, તેમાં વૈરાગ્યની વૃદ્ધિ થઈને શુદ્ધતા વધે છે. શ્રાવકધર્મ અને મુનિધર્મ એવા બે પ્રકારના ધર્મોમાં અત્યારે શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. શ્રાવકને સૌથી પહેલાં સર્વજ્ઞ ભગવાનની શ્રદ્ધા સહિત પોતાના આત્માનું સમ્યગ્દર્શન હોય છે તે પ્રથમ ધર્મ છે, અને ત્યાર પછી અગિયાર પડિમા હોય છે. તેમાંથી આઠમી આરંભત્યાગ નામની પડિમાનું વર્ણન કહે છે :–

यः आरम्भं न करोति अन्यं कारयति नैव अनुमन्यते ।
हिंसासंत्रस्तमनाः त्यक्तारम्भः भवेत् सः हि ॥ ३८५ ॥

અર્થઃ—જે શ્રાવક ગૃહકાર્ય સંબંધી કાંઈ પણ આરંભ કરતો નથી, અન્ય પાસે કરાવતો નથી તથા કોઈ કરતો હોય તેને ભલો જાણતો નથી તે નિશ્ચયથી આરંભત્યાગી હોય છે. કેવો છે તે? હિંસાથી ભયભીત છે મન જેનું.

આ પડિમાવાળા શ્રાવકને સચેતવસ્તુની જેમાં હિંસા થતી હોય એવા આરંભના પરિણામ થતા નથી; અંતરમાં ચૈતન્યના અવલંબને એટલી શુદ્ધતા થઈ ગઈ છે; પોતે આરંભ કરતો નથી, કોઈ પાસે કરાવવાના પરિણામ પણ કરતો નથી, અને કોઈ આરંભ કરતો હોય તો તેને અનુમોદવાનો ભાવ પણ થતો નથી; અંતરમાં એટલી ઉદાસીનતા અને શાંતિ વધી ગઈ છે, એટલે લગ્ન–વેપાર વગેરે ગૃહસ્થીનાં કાર્યોમાં લક્ષ જતું નથી.

ભાવાર્થઃ—મન–વચન–કાયાથી તથા કૃત–કારિત–અનુમોદનાથી ગૃહકાર્યના આરંભનો ત્યાગ કરે છે તે આરંભત્યાગ પ્રતિમાધારી શ્રાવક હોય છે. આ પ્રતિમા આઠમી છે અને બાર ભેદોમાં આ નવમો ભેદ છે.

આ આઠમી પડિમા સુધી હજી પરિગ્રહનો ત્યાગ નથી, આરંભનો ત્યાગ છે, પણ હજી પૈસા વગેરે રાખવાનો ત્યાગ નથી. ત્યારપછી નવમી પડિમામાં પૈસા વગેરેનો પરિગ્રહ છૂટી જાય છે તેનું હવે વર્ણન કરે છે :–

यः परिवर्जयति ग्रन्थं अभ्यन्तर–बाह्यं च सानन्दः ।
पापं इति मन्यमानः निर्ग्रन्थः सः भवेत् ज्ञानी ॥ ३८६ ॥

અર્થ :—જે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિશ્રાવક, અભ્યંતર તથા બાહ્ય એવા બે પ્રકારના પરિગ્રહ કે જે પાપના કારણરૂપ છે એમ માનતો થકો આનંદપૂર્વક છોડે છે તે પરિગ્રહત્યાગી શ્રાવક હોય છે.

જુઓ, આ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકની વાત છે. અંદરમાં ચિદાનંદ ભગવાનની શાંતિનું વેદન વધી ગયું ત્યાં પરિગ્રહના પરિણામ છૂટી ગયા એટલે નવમી પડિમાવાળો ધર્માત્મા શ્રાવક પૈસા વગેરેનો પરિગ્રહ રાખે નહિ, અંતરમાંથી તે જાતનો રાગભાવ જ છૂટી ગયો છે, અને બહારમાં તેને પૈસા–મકાન વગેરેનો પરિગ્રહ છૂટી ગયો છે— એથી તેને નિર્ગ્રંથ કહ્યો છે. આ નિર્ગ્રંથપણું કહ્યું તે શ્રાવકને યોગ્ય સમજવું. આત્માના ભાન વગર પૈસા વગેરે ત્યાગીને જંગલમાં જઈને બેસે તેવાની આ નથી. માટે અહીં કહ્યું કે જ્ઞાની શ્રાવક આનંદપૂર્વક પરિગ્રહને છોડે છે, એકલો બાહ્યત્યાગ નથી પણ અંદરમાં ચિદાનંદ સ્વરૂપનો આનંદ વધી ગયો છે, અંદરમાં ખેદ નથી. પડિમા લઈને બેસે ને પછી કહે કે " અરેરે ! શું કરીએ ? પડિમા છે એટલે આટલું કરવું પડે છે ! " –તો તેને " આનંદપૂર્વક " પડિમા નથી, તેને પડિમા કહેવાય નહિ. નિમિત્તથી ભિન્ન ને રાગથી અધિક–એવા પોતાના ચૈતન્ય સ્વભાવનું ભાન થવા ઉપરાંત, તેના અનુભવનું વેદન વધી ગયું છે, ત્યાં પરિગ્રહની મમતા છૂટી ગઈ છે. આવી દશાવાળા શ્રાવકને નવમી પ્રતિમા હોય છે. પ્રતિમા શું કહેવાય તેનું પણ ઘણા લોકોને ભાન નથી. જુઓ, આ તો હજી શ્રાવકદશાની વાત છે. મુનિદશા તો આથી પણ વધારે ઊંચી છે. આમાં કાંઈ પરાણે ત્યાગ કરવો નથી પડતો, પણ અંતરમાં ચૈતન્યના અવલંબનમાં સ્થિર થયો છે ત્યાં તે તે પ્રકારના રાગપરિણામ જ થતાં નથી, એનું નામ પડિમા અને ત્યાગ છે; તેમાં આત્માના અમૃતના ઘૂંટડાનો આનંદ આવે છે. પહેલેથી જ એ વાત લીધી છે કે આ અનુપ્રેક્ષાઓ ભવ્યજીવોને આનંદની જનની છે. એ જ પ્રમાણે આ પડિમા વગેરે દશા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ અંતરનો આનંદ પણ વધતો જાય છે. ઘણો ત્યાગ થઈ જતાં દુઃખ સહન કરવું પડે છે–એમ નથી, પણ અંતરના અવલંબને જેમ જેમ ત્યાગ વધતો જાય છે તેમ તેમ આનંદ પણ વધતો જાય છે. વચ્ચે કાંઈક અતિચાર વગેરેના પરિણામ થઈ જાય તો તે પણ તે તે ભૂમિકાની યોગ્યતાનો કાળ છે, અને તેની આલોચના તથા પ્રાયશ્ચિત કરવાનો વિકલ્પ આવે તે પણ તે ભૂમિકાના ક્રમબદ્ધપર્યાયની પ્રતીત રાખીને આ બધી વાત છે,

એ વાત તો પહેલાં જ ગાથા ૩૨૧-૨૨-૨૩માં સ્થાપી છે, તે રાખીને આ વાત છે. જેને સર્વજ્ઞની અને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા નથી તે તો પ્રગટપણે મિથ્યાદષ્ટિ છે. તેને વ્રત કે પડિમા હોતાં નથી. આગળ ૩૮૮મી ગાથામાં એ વાત કરશે કે દસમી પડિમાવાળો શ્રાવક ભવિતવ્યભાવનામાં રત છે—એટલે તેમાં ખરેખર પોતાના જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિ રાખીને તેની ભાવનામાં રત છે.

ભાવાર્થ :—આભ્યંતરગ્રંથિમાં મિથ્યાત્વ, અનંતાનુબંધીકષાય તથા અપ્રત્યાખ્યાનાવરણકષાય તો પહેલાં છૂટી ગયા છે. હવે પ્રત્યાખ્યાનાવરણ અને તેની સાથે લાગેલ હાસ્યાદિક તથા વેદને ઘટાડે છે. વળી બાહ્યથી ધન-ધાન્યાદિ સર્વનો ત્યાગ કરે છે, પરિગ્રહત્યાગમાં ઘણો આનંદ માને છે કારણ કે જેને સાચો વૈરાગ્ય હોય છે તે પરિગ્રહને પાપરૂપ તથા મોટી આપદારૂપ દેખે છે અને તેના ત્યાગમાં ઘણું સુખ માને છે.

જ્યાં પહેલી પડિમા પ્રગટી ત્યારથી જ અનંતાનુબંધી તેમ જ અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો તો નાશ જ થયો છે, તથા તે ઉપરાંત જેમ જેમ પડિમા વધતી જાય તેમ તેમ ત્રીજો પ્રત્યાખ્યાનાવરણ કષાય પણ તૂટતો જાય છે. આત્મજ્ઞાનપૂર્વક તેમાં લીનતાપૂર્વકનો જેને વૈરાગ્ય છે તેને જ સાચો વૈરાગ્ય છે, ને તેનો વૈરાગ્ય આનંદપૂર્વકનો છે. વૈરાગ્યમાં ને ત્યાગમાં જેને દુઃખ કે કંટાળો લાગે તેને સાચો ત્યાગ કે વૈરાગ્ય નથી પણ હઠ છે. અપૂર્વ આનંદનો અંશ તો ચોથા ગુણસ્થાનથી જ શરૂ થઈ ગયો છે, ને પછી પાંચમાં ગુણસ્થાને પડિમા દીઠ તે આનંદ વધતો જાય છે તેમાં નવમી પડિમા થતાં એવો વૈરાગ્ય થઈ જાય છે કે એક પાઈનો પણ પરિગ્રહ રાખતો નથી, પુત્ર વગેરેને લાખો રૂપિયા મળવાની વાત સાંભળે તોપણ રાગ થતાં નથી. જુઓ, આ હજી શ્રાવકની વાત છે. હજી મુનિ થયો નથી, ત્યાં પૈસા વગેરેનો પરિગ્રહ છૂટી ગયો છે. વળી તેનું વિશેષ વર્ણન કરે છે.

बाह्यग्रन्थविहीनाः दरिद्रमनुष्याः स्वभावतः भवन्ति ।
अभ्यन्तरग्रन्थं पुनः न शक्नोति कः अपि त्यक्तुम् ॥ ३८७ ॥

અર્થ:—બાહ્યપરિગ્રહરહિત તો દરિદ્રિમનુષ્ય સ્વભાવથી જ હોય છે એટલે એવા ત્યાગમાં આશ્ચર્ય નથી પણ અભ્યંતર પરિગ્રહને છોડવા માટે કોઈ પણ સમર્થ થતું નથી.

સર્વજ્ઞની અને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતપૂર્વક ભવિતવ્યનો નિર્ણય તો જેને થઈ ગયો છે, જે સમયે જે પદાર્થની જે પર્યાય થવાની તેમાં ફેરફાર થાય નહિ, હું તેનો જ્ઞાતાદષ્ટા છું, જ્ઞાન સિવાય બીજું મારું કર્તવ્ય નથી. આવી શ્રદ્ધા તો ચોથા ગુણસ્થાનથી જ થઈ ગઈ છે ને તે ઉપરાંત વીતરાગભાવ વધતાં પડિમા હોય છે,

ત્યાં સહજાનંદના અનુભવપૂર્વકનો ત્યાગ સહજ થઈ જાય છે. અંતરની આનંદદશા વગરનો ત્યાગ હોય તેની વાત નથી. કેમકે એવો ત્યાગ તો ઢોરને પણ હોય છે. દરિદ્રી મનુષ્ય પાસે પણ ધન વગેરે ન હોય, તેથી કાંઈ તેને ત્યાગી ન કહેવાય. અંદરના ભાનપૂર્વક વીતરાગભાવ થતાં જે ત્યાગ થયો તે જ ત્યાગ છે. અંતરના રાગાદિ પરિગ્રહને છોડનારા વિરલા જ હોય છે. મારા આત્મામાં પરનો તો અભાવ જ છે એટલે મારો આત્મા નિવૃત્તસ્વરૂપ જ છે. એવા ભાનસહિત તેમાં એકાગ્ર થતાં જેને રાગ છૂટયો તેને ત્યાગ છે. જેને હજી પરથી ભિન્નતાનું ભાન નથી, રાગ જરાપણ છૂટયો નથી-એવો જીવ કદાચિત્ ત્યાગી હોય-તો તેનો ત્યાગ પુરુષાર્થપૂર્વકનો નથી, પણ તેને તો તે પ્રકારનો સંયોગ જ થવાનો ન હતો તેથી તે સંયોગ ન થયો. જ્ઞાનીને વીતરાગભાવપૂર્વક લક્ષ્મી વગેરેનો ત્યાગ થાય, ત્યાં તેને પણ લક્ષ્મી વગેરેનો સંયોગ તો તે વખતે થવાનો જ ન હતો, તે જડની ક્રિયા તેના કારણે છે, પણ તેને પોતાના ભાવમાંથી પરિગ્રહની પક્કડ છૂટી ગઈ છે તેથી તેણે પરિગ્રહ છોડયો છે એમ કહેવાય છે. અંતરમાં જેણે હજી મિથ્યાત્વ-ભાવને પણ છોડયો નથી તેને તો એકપણ જાતનો ધર્મ હોતો નથી. અંતરમાં સ્વભાવના ભાનસહિત રાગદ્વેષનો ત્યાગ થતો જાય છે, ને આનંદ વધતો જાય છે-એવા શ્રાવકને પડિમા હોય છે.

ભાવાર્થ :—જે આભ્યંતર પરિગ્રહ છોડે છે તેની જ મુખ્યતા છે, સામાન્યપણે આભ્યંતર પરિગ્રહ મમત્વભાવ છે, એને જે છોડે છે તેને પરિગ્રહનો ત્યાગી કહીએ છીએ. એ પ્રમાણે પરિગ્રહત્યાગપ્રતિમાનું સ્વરૂપ કહ્યું. આ પ્રતિમા નવમી છે તથા બાર ભેદોમાં આ દસમો ભેદ છે.

હવે દસમી અનુમોદનવિરત પ્રતિમા કહે છે:—

यः अनुमननं न करोति गृहस्थकार्येषु पापमूलेषु ।
भवितव्यं भावयन् अनुमनविरतः भवेत् सः तु ॥ ३८८ ॥

અર્થ:—જે શ્રાવક, પાપના મૂળ જે ગૃહસ્થનાં કાર્યો તેમાં અનુમોદના ન કરે, કેવી રીતે? 'જે ભવિતવ્ય છે તેમ જ થાય છે' એવી ભાવના કરતો થકો, તે અનુમોદનવિરતિપ્રતિમાધારક શ્રાવક છે.

જુઓ, શ્રાવકને પહેલેથી જ સર્વજ્ઞની પ્રતીત થઈ છે, ભવિતવ્ય પ્રમાણે જ થાય છે-એવું ભાન તો થયું છે, પણ અહીં જ્ઞાનસ્વભાવની એકાગ્રતાપૂર્વક ભવિતવ્યભાવનાનો વીતરાગભાવ વધી ગયો છે એટલે પાપકાર્યોમાં અનુમતિ પણ આપતો નથી. પુત્ર લાખોનાં મકાન કરાવતો હોય ત્યાં તેમાં માથું મારવા ન જાય.

દીકરા-દીકરીનાં લગ્નની સલાહ ન આપે, નાત વગેરેના જમણમાં શું રાંધવું એવી વાત કરે નહિ, અંદરમાં તે પ્રકારની વૃત્તિ જ ઊઠતી નથી. તે તો ભવિતવ્ય ભાવનામાં રત છે એટલે કે હું તો જ્ઞાતાદ્રષ્ટા છું-એવી એકાગ્રતાપૂર્વક જેમ થાય તેમ જાણે છે. હું આમ કરું ને તેમ કરું-એવો ઊથલપાથલનો ભાવ થતો નથી, અંદરમાં તેવા સંકલ્પ-વિકલ્પ ઊઠતાં નથી, એટલી સ્થિરતા થઈ ગઈ છે.

શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આ સંબંધમાં ઘણી સરસ વાત કરી છે. ત્યાં કહે છે કે :—

વળી પોતે વા અન્ય ચેતન-અચેતન પદાર્થ કોઈ પ્રકારે પરિણમતા હોય અને પોતાને તે પરિણમન બૂરું લાગે તો તેને અન્ય પ્રકારે પરિણમાવવા વડે કરીને તે પરિણમનનું પણ બૂરું ઇચ્છે છે. એ પ્રમાણે ક્રોધથી અન્ય ચેતન-અચેતન પદાર્થોનું બૂરું થવાની ઇચ્છા થયા કરે છે, પણ બૂરું થવું વા ન થવું તે તેના ભવિતવ્ય આધીન છે."

આમાં જીવ અને અજીવ બન્નેની ક્રમબદ્ધપર્યાયની વાત સ્પષ્ટ લીધી છે.

"બીજો કોઈ પોતાનાથી ઊંચ કાર્ય કરતો હોય છતાં તેને કોઈ પણ પ્રકારે નીચો દર્શાવે તથા પોતે નીચ કાર્ય કરતો હોય છતાં પોતાને ઊંચો દર્શાવે. એ પ્રમાણે માન વડે પોતાની મહંતતાની ઇચ્છા તો ઘણી કરે, પણ મહંતતા થવી ભવિતવ્ય આધીન છે."

"વળી પોતાનું વા અન્ય સચેતન-અચેતન પદાર્થોનું કોઈ પરિણમન હોવું ઈષ્ટરૂપ માની તેને તે પ્રકારના પરિણમનરૂપ પરિણમાવવા ઇચ્છે એ પ્રમાણે નાના પ્રકારે લોભથી ઈષ્ટપ્રાપ્તિની ઇચ્છા તો ઘણી કરે, પરંતુ ઈષ્ટપ્રાપ્તિ થવી ભવિતવ્ય આધીન છે."

જેને ક્રમબદ્ધ-વસ્તુસ્વરૂપનું ભાન નથી ને પોતાના ક્રોધાદિ કષાયથી તેમાં ફેરફાર થવાનું માને છે એવા મિથ્યાદ્રષ્ટિ જીવની આ વાત છે.

"વળી અજ્ઞાની જીવ, પોતાને જેવું શ્રદ્ધાન છે તેમ અન્ય પદાર્થોને પરિણમાવવા ઇચ્છે છે. હવે એ અન્ય પદાર્થો જો એ પ્રમાણે પરિણમે તો તેનું શ્રદ્ધાન સાચું થઈ જાય. પરંતુ અનાદિનિધન વસ્તુ ન્યારી ન્યારી પોતપોતાની મર્યાદાપૂર્વક પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી તેમ કોઈ પદાર્થ કોઈનો પરિણમાવ્યો પરિણમતો નથી. છતાં તેને આ જીવ પોતાની ઇચ્છાનુસાર પરિણમાવવા ઇચ્છે છે એ કાંઈ ઉપાય નથી, પણ એ તો મિથ્યાદર્શન જ છે."

અહીં તે મિથ્યામાન્યતા તો ગળી ગઈ છે ને તે ઉપરાંત વીતરાગભાવ વધી જતાં આરંભકાર્યોમાં અનુમોદનાનો ભાવ નથી આવતો તેની વાત છે.

ભાવાર્થ:—આહારના અર્થે ગૃહસ્થકાર્યના આરંભાદિકની પણ અનુમોદના ન કરે, ઉદાસીન થઈ ઘરમાં પણ રહે વા બાહ્ય ચૈત્યાલય-મઠ-મંડપમાં પણ બેસે, ભોજન માટે પોતાને ઘેર વા અન્ય શ્રાવક બોલાવે તો ત્યાં ભોજન કરી આવે. વળી એમ પણ ન કહે કે 'અમારા માટે ફલાણી વસ્તુ તૈયાર કરજો', ગૃહસ્થ જે કાંઈ જમાડે તે જ જમી આવે તે દસમી પ્રતિમાધારી શ્રાવક હોય છે.

यः पुनः चिन्तयति कार्यं शुभाशुभं रागद्वेषसंयुतः ।
उपयोगेन विहीनः सः करोति पापं विना कार्यम् ॥ ३८९ ॥

અર્થ:—જે પ્રયોજન વિના રાગદ્વેષ સહિત બની શુભ-અશુભકાર્યોને ચિંતવન કરે છે તે પુરુષ વિના કાર્ય પાપ ઉપજાવે છે.

ભાવાર્થ:—પોતે તો ત્યાગી બન્યો છે છતાં વિના પ્રયોજન પુત્રજન્મપ્રાપ્તિ-વિવાહાદિક શુભકાર્યો તથા કોઈને પીડા આપવી-મારવો-બાંધવો ઈત્યાદિક અશુભ કાર્યો, એમ શુભાશુભ કાર્યોને ચિંતવન કરી જે રાગદ્વેષ પરિણામ કરી નિરર્થક પાપ ઉપજાવે છે તેને દસમી પ્રતિમા કેમ હોય? જેને એવી બુદ્ધિ જ રહે કે 'જે પ્રકારનું ભવિતવ્ય છે તેમ જ થશે-જેમ આહારાદિ મળવાં હશે તેમ જ મળી રહેશે' એવા પરિણામ રહે તો અનુમતિત્યાગ પાલન થાય છે. એ પ્રમાણે આ બાર ભેદમાં અગિયારમો ભેદ કહ્યો.

પોતાને અંતરની શાંતિપૂર્વક ઘણું સમાધાન વર્તે છે તેથી આહારદિનો યોગ જેમ બનવાનો હશે તેમ બની રહેશે—એને માટે ચિંતા થતી નથી, જ્ઞાનની દૃઢતા વધતી જાય છે. આવા શ્રાવકને દસમી અનુમતિત્યાગ નામની પ્રતિમા છે. જુઓ, સમ્યગ્દૃષ્ટિને પણ એવી નિઃશંક દૃઢતા છે કે જે કાળે જે પદાર્થમાં જે જાતના સંયોગ-વિયોગની અવસ્થા થવાનું સર્વજ્ઞદેવે જોયું છે, તે તે પ્રમાણે જ થાય છે તેમાં ઇન્દ્ર-નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ ફેરફાર કરવા સમર્થ નથી, ને તે ઉપરાંત દસમી પડિમાવાળાને તો વીતરાગભાવ વધી ગયો છે.

હવે, છેલ્લી અગિયારમી પડિમાનું સ્વરૂપ કહેશે. [ ક્રમશઃ ]

[ સુવર્ણપુરી સમાચાર — પૃષ્ઠ ૩થી ચાલુ ]

*** પરમ ઉપકારી ગુરુદેવશ્રીની જન્મજયંતી-નિમંત્રણ પત્રિકા :—**

અધ્યાત્મયુગસ્રષ્ટા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક સદ્ગુરુત્વવિભૂષિત પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૫ મી કલ્યાણમયી મંગલ જન્મજયંતી—વૈશાખ સુદ બીજ—નો પાંચ દિવસીય મહોત્સવ કાનાતળાવનિવાસી શ્રીમતી [illegible]બેન દેવજીભાઈ રૂપારેલિયા (પટેલ) પરિવાર દ્વારા સોનગઢમાં ઉજવવામાં આવશે. આ મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણ પત્રિકાની મંગલ લેખન વિધિ સુવર્ણપુરીમાં તા. ૩-૪-૯૪, રવિવારના રોજ વિશેષ સમારોહપૂર્વક કરવામાં આવશે.

*** જિનમંદિર અષ્ટાહ્નિકા ઉત્સવ :—**

વિ. સં. ૧૯૯૭માં શ્રી નાનાલાલભાઈ જસાણી આદિ બંધુત્રય દ્વારા નિર્મિત તેમ જ પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિરના પ્રતિષ્ઠાદિન નિમિત્તે મહા વદ ૧૧, સોમવાર, તા. ૭-૩-૯૪ થી ફાગણ સુદ ૨, સોમવાર, તા. ૧૪-૩-૯૪ —આઠ દિવસીય ઉત્સવ "શ્રી સીમંધરાદિ-વિંશતિ-વિહરમાન જિનમંડલવિધાનપૂજા", જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે. પ્રતિષ્ઠાના વાર્ષિક દિને (ફાગણ સુદ બીજ) શ્રી જડાવબેન નાનાલાલ જસાણી પરિવાર તરફથી મુમુક્ષુમંડળ માટે (કાયમી) સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવશે.

*** પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો વાર્ષિક-ઉત્સવ :—**

સુવર્ણપુરીના અતિ મનોહર પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠાનો દસમો વાર્ષિક દિન ફાગણ સુદ ૩, મંગળવાર, તા. ૧૫-૩-૯૪ થી ફાગણ સુદ ૭, શનિવાર, તા. ૧૯-૩-૯૪—પાંચ દિવસ સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનભક્તિ તેમ જ તત્ત્વજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

*** નંદીશ્વર-અષ્ટાહ્નિકા-પર્વ :—**

ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૨૦-૩-૯૪ થી તા. ૨૭-૩-૯૪ સુધી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં શ્રી પંચમેરુ-નંદીશ્વરવિધાનપૂજા તેમ જ નંદીશ્વરભક્તિ આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

*** પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—**

ફાગણ સુદ ૧૩, શુક્રવાર, તા. ૨૫-૩-૯૪ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરની ૨૦મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* ઘાટકોપર (મુંબઈ)માં પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ *

ઘાટકોપર (મુંબઈ)માં અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત શ્રી નેમિનાથ દિ. જિનમંદિરના ઉપરના માળે નવનિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી-સમવસરણની તેમ જ વિદેહી-વિંશતિ-જિનવરોની પંચકલ્યાણક પુરઃસર મંગલ પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૬, સોમવાર, તા. ૧૬-૫-૯૪ થી વૈશાખ સુદ ૧૩, સોમવાર, તા. ૨૩-૫-૯૪ —આઠ દિવસ સુધી ભવ્ય સમારોહ સહ સમ્પન્ન થશે.

## વૈરાગ્ય સમાચાર :—

* મહુવાનિવાસી શ્રી સમજુબેન પ્રભુદાસ મહેતા (વર્ષ-૭૯) તા. ૨૨-૧૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી ચંદ્રકાંત પ્રભુલાલ સંઘવી (-સ્વ. શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ (સોનગઢ)ના જમાઈ) (વર્ષ-૬૮) તા. ૨૭-૧૨-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી (હાલ-અમેરિકા) શ્રી ચુનીલાલ રવજીભાઈ કોઠારી તા. ૫-૧-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી શ્રી ભૂપેન્દ્રભાઈ અમુલખભાઈ શેઠ (વર્ષ-૫૦) તા. ૧૪-૧-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જિનીવા (સ્વિત્ઝરલેન્ડ)વાળા શ્રી ન્યાલચંદભાઈ શાહ (વર્ષ ૭૧), (સોનગઢ-નિવાસી સ્વ. શ્રી મલૂકચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાના જ્યેષ્ઠ પુત્ર)નું મુંબઈમાં તા. ૨૧-૧-૯૪ની રાત્રે હાર્ટ-એટેકથી એકાએક દેહાવસાન થયું છે. સ્વ. શ્રી ન્યાલભાઈને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અનન્ય શ્રદ્ધાભક્તિ હતી. પ્રવચન-ટેઇપ-શ્રવણ દ્વારા તેઓ પોતાની ધર્મરુચિ તેમ જ ગુરુભક્તિને પોષણ આપ્યા કરતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર (૧૬મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી અષ્ટપાહુડ ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

*** સમ્યક્ત્વજયંતી-નિમંત્રણ પત્રિકા :—**

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૬૨મી સમ્યક્ત્વ જયંતીની નિમંત્રણ પત્રિકાની લેખનની મંગલવિધિ સુવર્ણપુરીમાં તા. ૬-૩-૯૪, રવિવારના રોજ હર્ષોલ્લાસ પૂર્વક કરવામાં આવશે.

*** પૂજ્ય બહેનશ્રીની ૬૨મી સમ્યક્ત્વજયંતી :—**

પરમ પૂજ્ય કૃપાળુ ગુરુદેવના અસીમ ઉપકાર વડે સ્વાનુભવવિભૂષિત થયેલ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૬૨મી મંગલમય સમ્યક્ત્વજયંતીનો મહોત્સવ આગામી ફાગણ વદ ૬, શુક્રવાર, તા. ૧-૪-૯૪ થી ફાગણ વદ ૧૦, મંગળવાર, તા. ૫-૪-૯૪ —પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં શ્રી સુરત દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા અત્યંત આનંદોલ્લાસ સહિત ઉજવવામાં આવશે.

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ-૨૭ ]

## તત્ત્વનિર્ણય કર

* સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને (આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે.

—કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૬/–

કુમાર આનંદીલાલ શાહ
"મંગલમ" વાસણના વેપારી,
આજવાડા, પીળીકુઈ, મુ. વડોદરા